# અશો જરથુષ્ટ્ર

એવરદ એ. ડી. દાબુ



# અશો જરથુષ્ટ્ર

એવરદ એ. ડી. દાબુ

નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

પાંચ રૂપિયા

© શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ, ૧૯૯૩

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૨૦૦, જુલાઈ ૧૯૯૩
ચોથું પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૫
કુલ પ્રત : ૧૨,૭૦૦

ISBN 81-7229-124-8 (set)

પ્રકાશક
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
અને
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ વતી
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રયોજકનું નિવેદન

'ધર્મને સમજો' પુસ્તક સંપુટ નવજીવન અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી સંયુક્ત રીતે પ્રકાશિત થાય છે. નવજીવન અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અત્યાર સુધીમાં સર્વધર્મસમભાવને ધ્યાનમાં રાખી કરવામાં આવેલાં, સામાન્ય વાચકને રસ પડે તેવાં પ્રકાશનો આ સંપુટમાં સમાવી લીધાં છે. જગતના મુખ્ય મુખ્ય ધર્મો તથા તેના સ્થાપકોનો પરિચય વાચકને આ સંપુટમાંનાં પ્રકાશનોમાંથી મળી રહેશે.

ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયોમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર રાખવાનું અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવાનું ગાંધીજીના સીધા માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલું છે. તે મુજબ ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ-સ્નાતક મહાવિદ્યાલયોમાં બધા ધર્મોના શિક્ષણનો અભ્યાસક્રમ આધાર પાઠ્યક્રમ તરીકે અનિવાર્ય છે. અન્ય યુનિવર્સિટીઓમાં પણ પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં જગતના ધર્મોનો વૈકલ્પિક પાઠ્યક્રમ પ્રચલિત છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિસર જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિંદમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. એ હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી સહાય મળવાને પરિણામે આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકને પરવડી શકે તેવી રાહતદરની કિંમતે આપવાનું શક્ય બન્યું છે.

ગાંધીજી પ્રસ્થાપિત બન્ને સંસ્થાઓની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ સ્વીકારાતું જાય છે. કેન્દ્ર સરકારના માનવસંસાધન મંત્રાલયે તથા યોજના પંચે તેમ જ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે આ પ્રકારનાં નૈતિક મૂલ્યોની કેળવણી કરતા શિક્ષણને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક-સંપુટ ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થશે એવી આશા છે.

'ધર્મને સમજો'ના આ પુસ્તક-સંપુટ મારફત ગાંધીજીનો સર્વધર્મ-સમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

# પ્રકાશકનું નિવેદન

શ્રી એવરદ એ. ડી. દાબુ લિખિત 'અશો જરથુષ્ટ્ર'ની આ પુસ્તિકા મૂળે શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ પ્રસંગે 'સંતવાણી ગ્રંથાવલિ'માં પ્રસિદ્ધ થયેલી. નવજીવન અને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી 'ધર્મને સમજો' શ્રેણીમાં તેને ઉમેરવાની રજા આપવા બદલ અમે લેખક તથા શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિના આભારી છીએ. પારસીઓના પયગંબર અશો જરથુષ્ટ્રના જીવન અને વિચારોનો વાચકને આ નાની પુસ્તિકામાંથી ઠીક ઠીક પરિચય મળી રહેશે એવી આશા છે.

પયગંબર જરથુષ્ટ્ર જ્યારે ઈરાનના શહેનશાહ ગુસ્તાસ્યના દરબારમાં ધર્મના પ્રચાર અર્થે ગયા ત્યારે ત્યાંના દરબારીઓ સાથે થયેલી ધાર્મિક ચર્ચામાં એઓ ફતેહ પામ્યા. આથી, હારેલા દરબારીઓએ જરથુષ્ટ્રને કાંઈક ચમત્કાર કરી બતાવવા અરજ કરી ત્યારે પયગંબર જરથુષ્ટ્રે દરબારીઓને કહ્યું કે, ''હું તમારી સાથે ઝઘડવા આવ્યો નથી, પણ પ્રેમ, અહિંસા અને મિત્રાચારીનો સંદેશો લઈને આવ્યો છું. તમે બધા અંધકારમાં ગોથાં ખાઓ છો, તે અંગે પ્રકાશ પાથરવા હું આ દીવો રજૂ કરું છું'' એમ કહીને પોતાના જિગરનો આતશ - warmth of heart કાઢીને હાથમાં મૂક્યો ને કહ્યું કે ''આ દીવો, આ મારો ધર્મ (દીન) જે તમને પ્રકાશ આપશે.'' આ રીતે પયગંબર જરથુષ્ટ્રના ચિત્રમાં તેમને એક હાથમાં આતશના ગોળા સાથે બતાવ્યા છે જે પેલો warmth of heart છે.

# પયગંબર જરથુષ્ટ્ર

પારસીઓના પયગંબર જરથુષ્ટ્ર આજથી આશરે ૮૦૦૦ વરસ પર ઈરાનમાં થઈ ગયા. એમનું મૂળ નામ અવસ્તામાં જરથુષ્ટ્ર છે; જેનો અર્થ થાય છે, 'સોનેરી સીતારાના જેવો.' બીજો અર્થ થાય છે, 'સોનેરી રંગના ઊંટોનો માલિક.' ગાય-ઢોર એ અસલ જમાનાના આર્યોની મિલકત હતી. આથી ઘણાખરા આર્યોનાં નામ પાછળ 'અસ્પ=ઘોડો' કે 'ઉસ=ઊંટ' જેવો પ્રત્યય લગાડવામાં આવતો. જેમ કે 'જરથુષ્ટ્ર' સોનેરી રંગના ઊંટોનો માલિક. એમના પિતાનું નામ 'પોઉરૂશસ્પ' જેનો અર્થ 'ઘણા ઘોડાનો માલિક' એવો થાય છે. જરથુષ્ટ્રનાં માતાનું નામ 'દોગદો' હતું. 'દોગદો' શબ્દ અવસ્તા 'દુગ્ધવ' ઉપરથી ફારસી દુખ્તર (એટલે દીકરી) શબ્દ પડ્યો છે. જેના પરથી અંગ્રેજીમાં 'Daughter' શબ્દ નીકળ્યો છે. આમ અસલના આર્યો(પારસીઓ અને હિંદુઓના વડવાઓ)નો મુખ્ય વ્યવસાય ગાય-ઢોરનો ઉછેર, ખેતીવાડી અને બાગબાનીનો હતો જે માટેનો ઉલ્લેખ પારસીઓના ધર્મગ્રંથ – ગાથા –માં મળે છે.

પયગંબર જરથુષ્ટ્રની આગમચ પણ એક ધર્મ ચાલુ હતો જેને 'માઝદયસ્ની ધર્મ'ના નામે ઓળખવામાં આવતો હતો. મઝદા એટલે મહાજ્ઞાની 'Omniscient' – ખુદા. મઝદાનો બીજો અર્થ થાય છે – મહાન દાનવીર – જેણે આપણને બધું જ – હવા, પાણી, જમીન, ઝાડપાન વગેરે મફત આપ્યું. એવો મહાદાની એટલે ખુદા. એવા મઝદાની 'યસ્ત' (યજ્ઞ) એટલે બંદગી કરવી. તેથી એ ધર્મ 'માઝદયસ્ની' (એક જ ખુદાની બંદગી કરનાર) એકેશ્વરવાદી 'Monotheist'માં ગણાયો.

પાછળથી એ માઝદયસ્ની ધર્મ પાળનારા આર્યોમાં જુદી જુદી માન્યતા ફેલાવા લાગી. તે જમાનાના આર્યો માનતા કે, 'ઝાડ, પથ્થર અથવા પાણી આપણા કરતાં બળવાન છે, કારણ કે ઝાડને ધક્કો મારીએ કે પથ્થરને મુક્કો મારીએ તો આપણને જ ઈજા થાય છે. પાણીને કબજે કરવા પાણીમાં કૂદી પડીએ તો ડૂબી મરીએ, એમ આ વસ્તુઓ આપણા કરતાં બળવાન છે તેથી તેની પૂજા કરવી જોઈએ.' એ માન્યતાથી પ્રેરાઈને તે જમાનાના આર્યો આ વસ્તુઓની પૂજા કરવા લાગ્યા. અને એક ખુદાની બંદગી–માઝદયસ્ની ધર્મ–નો ખ્યાલ ભુલાતો ગયો. છેવટે પરિસ્થિતિ એટલી બધી બગડી ગઈ કે એક જ કુટુંબમાં એક જણ પથ્થરને પૂજે, તો તેનો ભાઈ પાણીને પૂજે, તો તેનો પિતા ઝાડને પૂજે ને દરેક જણ પોતાની માન્યતા પર મક્કમ હોય તેથી કુટુંબમાં, ગામમાં, શહેરમાં ઝઘડા ને છેવટે દેશભરમાં લડાઈઓ થવા લાગી. તેથી છેવટે ત્રાસી જઈને ધરતીમાતાએ ખુદાને ફરિયાદ કરી અને આ ત્રાસમાંથી પોતાને બચાવવા માટે કોઈ બળવાન સરદાર મોકલવા અરજ કરી, જેને પરિણામે પયગંબર જરથુષ્ટ્રનો જન્મ આ પૃથ્વી પર થયો.

જરથુષ્ટ્રના જન્મ વખતે ત્યાંનો હાકેમ બૂરો હતો, પરંતુ તેના પિતા આ બૂરા હાકેમના મિત્ર હતા તેથી તેમના કુટુંબને મદદગાર થવાના બહાને આ બૂરા હાકેમે પોતાની એક વિશ્વાસુ દાસીને પોઉરૂશસ્પને ઘેર મોકલી અને સૂચના આપી કે દોગદો (જરથુષ્ટ્રનાં માતા) કાંઈ પીણું માગે તેમાં (બૂરા હાકેમે આપેલી) ઝેરની પડીકી ભેળવી દેવી. પેલી દાસીએ તેમ કરી દોગદોને પીણું આપવા જતાં તેના હાથ ધ્રૂજ્યા અને હાથમાંથી વાસણ પડી જઈ પીણું ઢોળાઈ ગયું. આમ થવાથી પેલી દાસી ગભરાઈ

ગઈ, એ જ વખતે જરથુષ્ટ્રનો જન્મ થયો અને તેઓ હસ્યા. આ હાસ્ય દ્વારા જરથુષ્ટ્ર પેલા બૂરા હાકેમને એમ કહેવા માગતા હતા કે, ''માણસ માણસ વચ્ચે વેર તો આ દુનિયામાં બન્ને જીવતા હોય ત્યારે જ સંભવી શકે—જ્યારે મારો (જરથુષ્ટ્રનો) જન્મ તો હજી થવાનો છે. તેટલામાં જ તેં મને મારી નાખવાની કોશિશ કરી.''

પોતાના પ્રયત્નમાં નિષ્ફળ જવાથી તે બૂરા હાકેમે જરથુષ્ટ્રને મારી નાખવાની અનેક કોશિશ કરી. બાળક જરથુષ્ટ્રને પોતાના વિશ્વાસુ માણસ પાસે ઊંચકી મંગાવી તેમને અગ્નિની ચિતામાં નાખ્યા, જેમાંથી પણ ખુદાએ તેમનો ચમત્કારિક બચાવ કર્યો, અને પેલી ચિતા ફૂલનું બિછાનું બની ગઈ. બીજે પ્રસંગે જરથુષ્ટ્રને ગાય-ઢોરનું ટોળું ચરીને આવતું હતું, તેની વચમાં નાખ્યા. પણ એક કદાવર ગાયે પોતાના ચાર પગ વચ્ચે બાળકને રાખીને તેનું રક્ષણ કર્યું. ત્રીજે પ્રસંગે બાળકને ઊંચકી મંગાવી વરુની ગુફા આગળ મુકાવ્યું. નર અને માદા વરુ શિકારની શોધમાં ગયાં હતાં. તેટલામાં જ જરથુષ્ટ્રને ગુફાના મુખ આગળ મૂકી વરુના એક નાના બચ્ચાને મારી નાખીને જરથુષ્ટ્ર આગળ મૂકયું જેથી જરથુષ્ટ્રે આ બાળકવરુને મારી નાખ્યાનો ખ્યાલ આવે. વરુ શિકાર કરીને આવ્યાં અને આ દેખાવ જોયો, પણ બાળક જરથુષ્ટ્રને જોતાં જ માદાવરુને તેના તરફ પ્રેમ અને માયાની લાગણી થઈ. તે તે બાળક પાસે બેસીને તેનું રક્ષણ કરવા લાગી. બાળક જરથુષ્ટ્રને ઘરમાં નહીં જોતાં માતા દોગદોને ફિકર થતાં તેની શોધમાં નીકળી પડયાં ને પાછું મળતાં છાતીસરસું ચાંપીને ઘેર લાવ્યાં. માતા દોગદોને લાગ્યું કે આ રીતે તો પેલો બૂરો હાકેમ બાળ જરથુષ્ટ્રને મારી નખાવશે, એટલે સાવચેતી અને સલામતીને ખાતર જરથુષ્ટ્રને લઈને તેઓ

પોતાના પિતા(જરથુષ્ટ્રના માતામહ)ને ત્યાં ગયાં. ત્યાં જરથુષ્ટ્ર ૧૦-૧૨ વર્ષ સુધી રહ્યા જે સમય દરમિયાન તેમને દરેક જાતની વિદ્યા-અસ્ત્રશસ્ત્રની પણ શીખવવામાં આવી, કારણ અસલ ઈરાનમાં દરેક બાળક માટે લશ્કરી તાલીમ લેવાનું ફરજિયાત હતું.

લગભગ ૧૫ વર્ષની યુવાન વયે પયગંબર જરથુષ્ટ્ર એમના પિતાને ત્યાં પાછા ફર્યા (એ સમયે ૧૫ વર્ષનો છોકરો ઈરાનમાં યુવાન ગણાતો અને જરૂર પડયે લડાઈમાં પણ ભાગ લેતો). તે સમયે જરથુષ્ટ્રના પિતાની મિલકતની વહેંચણી અંગે જરથુષ્ટ્રના ચાર ભાઈઓ (બે ભાઈઓ જરથુષ્ટ્રથી મોટા અને બે નાના હતા) વચ્ચે ઝઘડો ચાલતો હતો. જરથુષ્ટ્ર આ ઝઘડાથી કંટાળી ગયા. તેમને તો પિતાની મિલકતમાંથી કશું જોઈતું ન હતું, પણ પિતાના ખૂબ દબાણથી એમણે પિતાની મિલકતમાંથી ફક્ત એમનો કમરબંધ (જે દરેક પારસી સ્ત્રી કે પુરુષની કમરે બંધાતી કસ્તી સમાન છે) પસંદ કર્યો અને આ ચાલુ ઝઘડાથી ત્રાસી જઈને તેઓ નજીકના એક પર્વત પર ખુદા સાથે એકધ્યાન થવા ચાલ્યા ગયા. જરથુષ્ટ્રના ભાઈઓને લાગ્યું કે પિતાની મિલકતમાં અમે ચાર ભાગીદાર તો છીએ ને વળી આ પાંચમો પોતાનો ભાગ લેવા ક્યાંથી આવી લાગ્યો? આમ એમણે જરથુષ્ટ્રને ખૂબ હેરાન કર્યા, જે પણ જરથુષ્ટ્રને પર્વત પર એકધ્યાન થવા માટેનું એક કારણ હતું.

જરથુષ્ટ્રે પર્વત પર લગભગ ૧૦ વરસ ગાળ્યાં જે દરમિયાન તેમણે ખુદા સાથે એકધ્યાન થઈ મનન કરીને એમને મૂંઝવતા સવાલોના જવાબ મેળવ્યા–જેમ કે, માણસ કોણ છે? ક્યાંથી આવ્યો? શા માટે આવ્યો? ચંદ્રની વધઘટ શાથી થાય છે? નદી, નાળાં, પર્વત વગેરે ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું? વગેરે.

અને પયગંબર જરથુષ્ટ્રે રચેલી ગાથામાં જણાવ્યા મુજબ આ સવાલોના જવાબ તેમણે એકધ્યાન થઈને (Meditation) મેળવ્યા. આ સમય દરમિયાન તેઓ ફળ, કંદમૂળ ખાતા અને ઝરાનું પાણી પીતા. પર્વત પર ૧૦ વરસ પસાર કર્યાં પછી ૨૫ વર્ષની ઉંમરે જરથુષ્ટ્ર વસ્તીમાં આવ્યા અને પોતાને પ્રાપ્ત થયેલા ધાર્મિક જ્ઞાનનો પ્રચાર લોકોમાં કરવા માંડ્યો.

પયગંબર જરથુષ્ટ્રે જે કામ કર્યું છે તે પેલી બૂરી માન્યતા—ઝાડ-પથ્થર, પાણીની પૂજા-દૂર કરીને અસલી માઝદયસ્ની (એક ખુદાની માન્યતાનો) ધર્મ ફરીથી પ્રસ્થાપિત કરવાનું હતું. આ કામ બોલવામાં કે લખવામાં સહેલું લાગે, પણ આ એક અતિ કપરું કાર્ય છે (uphill task) હતું. આ કાર્ય માટે જરથુસ્ટ્રે પોતાના જીવનનાં કીમતી વર્ષો પૂરાં કર્યાં અને એમનો જાન પણ આ ધાર્મિક કાર્ય કરતાં જ ગયો.

પયગંબર જરથુષ્ટ્રે ધાર્મિક કાર્યની શરૂઆત પોતાના કુટુંબથી કરી, પણ કોઈ એમનો શાગિર્દ થયો નહીં. સર્વેએ તેમને તુચ્છકારી કાઢ્યા, સતત ત્રણ વરસની જહેમત પછી તેઓ એક ચેલો મેળવી શક્યા, જે એમનો પિત્રાઈ હતો. તેનું નામ મઈદયો માહ હતું.

એમનું ધાર્મિક પ્રવચન સાંભળવા ભેગી મળેલી જંગી માનવ મેદનીને જરથુષ્ટ્ર કહેતા, ''હું જે કહેવા માગું છું તે ધ્યાનથી સાંભળો અને તે ઉપર મનન કરો. બે રસ્તા છે : એક ભલાઈનો—સારો; અને બીજો બૂરાઈનો—ખરાબ. એ બન્નેમાંથી તમે પોતે (કોઈની પણ ભલામણ કે દાબ-દબાણ વગર) પસંદ કરો, પણ એટલું યાદ રાખજો કે જેવો રસ્તો તમે પસંદ કરશો તેવું ફળ તમને મળશે. ભલાને ભલું ને બૂરાને બૂરું.''

આમ પયગંબર જરથુષ્ટ્રે સંપૂર્ણ સહિષ્ણુતાથી માઝદયસ્ની ધર્મનો પ્રચાર કર્યો. એમનું મુખ્ય ધ્યેય તો આગલા માઝદયસ્ની (એકેશ્વરવાદી) ધર્મમાં પાછળથી દાખલ થયેલી બૂરી માન્યતા દૂર કરી અસલનો માઝદયસ્ની ધર્મ ફરીથી પ્રસ્થાપિત કરવાનું હતું. આમ શરૂઆતનો જ માઝદયસ્ની ધર્મ પયગંબર જરથુષ્ટ્રે પ્રસ્થાપિત કરેલો હોવાથી એ ધર્મ પાછળથી માઝદયસ્ની–જરથોસ્તી ધર્મને નામે ઓળખાયો. છેવટે માઝદયસ્ની શબ્દ પણ નીકળી જઈને 'જરથોસ્તી' શબ્દ ચાલુ રહ્યો અને આજે પણ એ ધર્મ જરથોસ્તી ધર્મના નામે ઓળખાય છે. પારસીઓ ઈરાનના મુખ્ય પ્રદેશ 'પાર્સ'માંથી આવેલા હોવાથી પારસીને નામે ઓળખાય છે. પારસી એ કોમ છે, જ્યારે જરથોસ્તી ધર્મ છે.

પાદશાહ ગુસ્તાસ્પના સૂચનથી પયગંબર જરથુષ્ટ્રે પવિત્ર જશન(યજ્ઞ)ની ક્રિયા કરી. તેમાં પવિત્ર મંત્રબળથી પવિત્ર થયેલી વસ્તુઓ જેવી કે દૂધ, દાડમ, ફૂલ, શરબત–તેમણે શાહી કુટુંબના જુદા જુદા સભ્યોને આપ્યાં. જરથુષ્ટ્રે શાહ ગુસ્તાસ્પના ભાઈને ધર્મના વડા (દસ્તૂર) પેશોતનને દૂધ પાયું જેથી તેઓ અમર બન્યા. પવિત્ર ફૂલ તેમણે શાહ ગુસ્તાસ્પના બીજા ભાઈ જામાસ્પને સૂંઘાડચાં જેથી તેઓ ત્રિકાળ જ્ઞાની અને ભૂત, વર્તમાન અને ભવિષ્ય જાણી શકચા. તેમણે દુનિયાના છેવટ સુધીના બનાવોની આગાહી (ભવિષ્યવાણી) કરી છે, જે બનાવો આજે પણ સચોટ આગાહી મુજબ જ બનતા રહ્યા છે. તેમણે રચેલ આગાહીનું પુસ્તક તેમના નામ પરથી 'જામાસ્પી' નામે ઓળખાય છે. દાડમ તેમણે શાહ ગુસ્તાસ્પના બેટા અસ્ફનદિયારને ખવડાવ્યું જેથી તેઓનું શરીર મજબૂત ધાતુ સમાન બની ગયું ને તેઓ 'રૂઈન તન' 'કાંસાના જેવા

મજબૂત શરીરનો' એ નામે ઓળખાયા. કહેવાય છે કે એમના શરીર પર તીર, તલવાર, ભાલા, ગદા કે કોઈ પણ હથિયાર અસર કરતું નહીં એવું મજબૂત તેમનું શરીર હતું. જરથુષ્ટ્રે શરબત (કોઈક દારૂ કહે છે-દારૂ એટલે દ્રાક્ષનો રસ. દારૂ શબ્દનો અર્થ અવસ્તા અને સંસ્કૃતમાં 'ઝાડ' થાય છે. જૂની ભાષામાં દારૂ એટલે દુઃખ, દરદ, રોગનો ઉપાય એવો થતો હતો. તેથી જ કહેવાય છે કે આ બીમારના દવા-દારૂ કરાવો) શરાબ પીવાના પરિણામે શાહ ગુસ્તાસ્પ પેલી દુનિયાનું પોતાનું સ્થાન (બહેસ્ત=સ્વર્ગમાં) જોઈ શકયા. આવાં આવાં ચમત્કારી કાર્યોને પરિણામે માઝદયસ્ની જરથોસ્તી ધર્મ પર લોકોની આસ્થા ઘણી વધી ગઈ, પણ કેટલાક એવા બૂરા માનવીઓ પણ હતા જેમને પયગંબર જરથુષ્ટ્રનું આ પ્રચારકાર્ય પસંદ પડયું નહીં. ઈરાન નજીકના તુરાન દેશનો રાજા આવા બૂરા માણસોમાંનો એક હતો. જરથુષ્ટ્રના પ્રચારકાર્યથી, તેમની વિદ્વત્તા અને મેળવેલ સિદ્ધિથી ઉશ્કેરાઈને હતાશ બની ગયેલા આ અદેખા રાજાએ જરથુષ્ટ્રને બદનામ કરવા, તેમને ઉતારી પાડવા, તેમનો નાશ કરવા અનેક કાવતરાં રચ્યાં, પણ બધામાં તે નિષ્ફળ ગયો છતાં તકની રાહ જોવા લાગ્યો.

એક વખત જ્યારે ઈરાનનો શાહ ગુસ્તાસ્પ મોટું લશ્કર લઈને તેના તાબાના એક પ્રદેશનો બળવો શમાવવા ગયો હતો, તે પ્રસંગનો લાભ લઈ તુરાનનો આ બૂરો રાજા ઈરાન પર ચડી આવ્યો. ઈરાનમાં નામનું જ લશ્કર હતું. મુખ્યત્વે ઘરડાંઓ અને સ્ત્રીઓ હતાં કારણ યુવાનો શાહ ગુસ્તાસ્પ સાથે લડાઈમાં ગયા હતા. આ બૂરા તુરાની રાજાએ ઈરાનના માનવીઓની કતલ ચલાવી અને 'તુરબસતુર' નામના પોતાના વિશ્વાસુ સરદારને તેણે પયગંબર જરથુષ્ટ્રની શોધમાં મોકલ્યો. જરથુષ્ટ્ર એક આતશ

બહેરામમાં (અગ્નિનું મંદિર) બંદગી કરતા હતા અને ઈરાનને આ આવી પડેલી આફતમાંથી બચાવવા ખુદાને વિનંતી કરતા હતા. ત્યાં આ બૂરા સરદારે જરથુષ્ટ્રને ઓળખી પાછળથી આવીને તેમની પીઠમાં ખંજર માર્યું. આ બૂરો સરદાર જાણતો હતો કે જો પોતે સામો આવીને જરથુષ્ટ્ર પર હુમલો કરશે તો જરથુષ્ટ્ર જરૂર તેને મારી હઠાવશે. તેથી તેણે પીઠ પાછળ ઘા કરવાનું હીચકારું પગલું ભર્યું. આ ખંજર પીઠમાં છેક અંદર ઘૂસી જવાથી પયગંબર જરથુષ્ટ્ર બેભાન થઈ ગયા ને જમીન પર પડ્યા. પડતાં પડતાં તેમણે પેલા બૂરા સરદારને જોઈને તેના તરફ પોતાની તસબી (કેરબાની માળા) મારી જે તેના મસ્તકમાં જોરથી વાગવાથી તે બૂરો સરદાર તરફડીને મરણ પામ્યો અને પયગંબર જરથુષ્ટ્ર પણ શરીરમાં થયેલા ઘાને પરિણામે ઘણું લોહી વહેવાથી અવસાન પામ્યા. આમ પયગંબર જરથુષ્ટ્રનું ૭૭ વર્ષની ઉંમરે કરુણ સંજોગોમાં અવસાન થયું.

પયગંબર જરથુષ્ટ્રે શિખવાડેલા અને પાયાના સિદ્ધાંતો ''હુમત, હુખ્ત અને હવશંત – અર્થાત્ મનશની 'ગવશનિ અને કુનશ'ની એટલે કે સારા વિચાર, સારાં વચન અને સારાં કામ છે. એક પારસી જરથોસ્તી બાળક તેની રોજિંદી પ્રાર્થનામાં ચાલુ નિયમિત ભણે છે કે, ''હું સારા વિચાર, સારાં વચન અને સારાં કર્મમાં આસ્થા રાખું છું.'' બીજા ચાર મુખ્ય સિદ્ધાંતો પણ છે જે દરેક પારસી જરથોસ્તી પોતાની રોજિંદી, પ્રાર્થના – જરથોસ્તી ધર્મનું એકરારનામું confession of faith માં ભણે છે. આ ચાર સિદ્ધાંતોનો અર્થ થાય છે : (૧) અહિંસા, (૨) ધર્મ અને દેશના રક્ષણ ખાતર ઝઝૂમવું, (૩) દાનવૃત્તિ અર્થાત્ સખાવત – સ્વાર્થત્યાગ અને (૪) પવિત્રતા.

પયગંબર જરથુષ્ટ્રે તેમના સમગ્ર જીવન અને ધર્મ પ્રસારણ

દરમિયાન અહિંસાનું પાલન કર્યું છે અને પોતાના અનુયાયીઓને પણ અહિંસાનું પાલન કરવાનો અનુરોધ કર્યો છે. આગળ જણાવ્યું તેમ પયગંબર જરથુષ્ટ્રે હાજર રહેલી જંગી માનવમેદની સમક્ષ પ્રવચન સંપૂર્ણ અહિંસક રીતે કર્યું. હાજર રહેલાઓને ભલી કે બૂરી માન્યતામાંથી ગમે તેની પસંદગી કરવાની તેમને છૂટ આપી ને તેનું પરિણામ તેઓ પોતે ભોગવે તેની જાહેરાત કરી. પયગંબર જરથુષ્ટ્રના આ સિદ્ધાંતનું અક્ષરશઃ પાલન કરીને જરથોસ્તી તે દિનથી જાતપરજાત સાથેના પોતાના વ્યવહાર-વસવાટ અને કાર્યમાં સંપૂર્ણ અહિંસક રહ્યા છે. જરથોસ્તીઓએ પોતાના ધર્મમાં કોઈને પણ બળજબરીથી વટલાવવાની કોશિશ કરી નથી. ખરેખર તો કોઈને પણ પોતાના ધર્મમાં વટલાવવાનું ફરમાન જરથોસ્તી ધર્મમાં નથી.

આગલા ઈરાની શહેનશાહો કે જેમના સમયમાં હિંદુઓ, યહૂદીઓ, મુસલમાનો વગેરે પ્રજા તેમના રાજ્યમાં વસતી હતી, તેમને પણ કોઈ પણ કારણે વટલાવવાની કોશિશ આ રાજાઓએ કરી નથી, તે દરેકને તેમનો ધર્મ પાળવાની છૂટ બક્ષી હતી.

શહેનશાહ સાયરસની માફક બધા જ ઈરાની રાજાઓએ ધર્મની બાબતમાં પોતાની પ્રજા સાથે સહિષ્ણુ વર્તાવ રાખ્યો હતો. અને સેંકડો વર્ષ થયાં પારસીઓ હિંદુસ્તાનમાં કે દુનિયાના જે જે પ્રદેશમાં ગયા છે ત્યાં તેમણે ત્યાંની પચરંગી પ્રજા સાથે ધર્મની બાબતમાં સહિષ્ણુતા અને મિત્રાચારી જાળવી છે અને એખલાસથી રહ્યા છે. પારસીઓએ ધર્મ અંગે કોઈ પણ બિનપારસી સાથે ઝઘડો કર્યાનું જણાયું નથી. એ પયગંબર જરથુષ્ટ્રે શીખવેલા અહિંસાના સિદ્ધાંતને આભારી છે.

બીજો સિદ્ધાંત છે : "ધર્મ કે દેશના રક્ષણાર્થે ઝઝૂમવું અગર મરી ફીટવું." ઈરાનના છેલ્લા સાસાયન્યન વંશના છેલ્લા

પાદશાહના સમયમાં આરબોએ ઈરાન પર હુમલો કર્યો, આંતરિક વિખવાદને કારણે ઈરાનમાં પડતીની શરૂઆત થઈ ચૂકી હતી તેનો લાભ આરબોએ લઈ લડાઈની શરૂઆત કરી. પોતાના દેશના અને ધર્મના રક્ષણને ખાતર ઈરાનીઓ આરબો સામે લડયા અને ઈરાનીઓની જીત થાય તેવા સંજોગો હતા પણ કમનસીબે તે જ સમયે રેતીનું ભયંકર તોફાન-વંટોળિયો શરૂ થવાથી અને એ રેતી આરબોની પાછળથી આવી ઈરાનીઓની આંખમાં લાગવથી ઈરાનીઓ લડી શકયા નહીં અને તેની હાર થઈ.

આ જીતથી ફુલાઈને મદાંધ આરબોએ ઈરાનના શહેરના મહોલ્લાઓમાં જઈને ઈરાનીઓને મુસ્લિમ ધર્મમાં બળજબરીથી વટલાવવા માંડયા. જેઓ તાબે નહીં થાય તેઓની કતલ કરી, 'કુરાન યા તલવાર' એ બેમાંથી ઈરાનીઓએ પસંદગી કરવાની હતી. ઘણા ઈરાનીઓ પોતાના ધર્મને જ વળગી રહ્યા જેમને આરબોએ મારી નાખ્યા.

આ સંકટથી ત્રાસી જઈને મોટા ભાગના ઈરાનીઓ ઈરાન છોડીને પોતાના કુટુંબ સાથે બીજા દેશોમાં જવા ઈરાનથી નીકળી પડયા. ૩,૦૦૦થી ૪,૦૦૦ ઈરાની સ્ત્રી-પુરુષો-બાળકોની એક ટોળી પશ્ચિમમાં ગઈ. એ ટોળી ઈરાનના કેરમાન પ્રાંતમાંથી આવેલી હોવાથી ત્યાંના નવા મુલકને પણ તેમણે કેરમાન નામ આપ્યું જે પાછળથી ફેરવાઈને 'ગેરમાન' થયું. ત્યાંનો મુલક આજે પણ 'German' (જે ગેરમાની તરીકે વંચાય છે) તરીકે ઓળખાય છે.

ધર્મના રક્ષણાર્થે બીજી ટોળી છેક પૂર્વમાં ચીન તરફ ગઈ. જ્યાંના વસવાટ દરમિયાન એક ઈરાની યુવાન ત્યાં રાજા પણ બન્યો હતો. પૂર્વ અને પશ્ચિમમાં ગયેલા આ ઈરાનીઓનું

પાછળથી શું થયું તેની સત્તાવાર માહિતી સાંપડતી નથી. પણ ૩,૦૦૦થી ૪,૦૦૦ ઈરાનીઓની જે ટોળી હિંદુસ્તાન આવવા નીકળી તે ધર્મના રક્ષણાર્થે જ અને તે પણ ખાસ હેતુપૂર્વક હિંદમાં આવ્યા હતા. કારણ કે ઈરાન અને હિંદ વચ્ચેનો સંબંધ જમાનાઓ પૂર્વેનો હતો. લોકમાન્ય ટિળકના પુસ્તક 'Early Home of the Aryans in the Vedas'માં જણાવવા મુજબ આર્યો (હિંદુ અને પારસીઓના વડવાઓ) ઉત્તર ધ્રુવ નજીકના અતિશય ઠંડા મુલકમાં વસતા હતા, પાછળથી હિંદુઓના વડવાઓએ દક્ષિણ તરફ પ્રયાણ કર્યું અને સપ્તસિંધુ(અવસ્તા-હપ્ત-હિંદુ)ના મુલકમાં વસવા લાગ્યા. કેટલાંક વર્ષો બાદ થોડાક ઈરાનીઓ પણ એ મુલકમાં જઈ, ત્યાં વસીને ઈરાન સાથે વેપાર કરવા લાગ્યા. હિંદુસ્તાનથી તેઓ સુતરાઉ કાપડ, મસાલા વગેરે ઈરાન મોકલતા અને ઈરાનથી તેઓ ઊન, ધાતુઓ, ઘેટાં, ઘોડા વગેરે આયાત કરતા.

આમ પોતાને હિંદમાં આવકાર અને આશરો મળશે એ હેતુથી ઉપર મુજબ ૩,૦૦૦થી ૪,૦૦૦ ઈરાનીઓ-સ્ત્રી-પુરુષો અને બાળકોની ટોળી હિંદ આવવા નીકળી. દરિયામાર્ગે વાહનોમાં આવવાનું હતું અને ત્યાં ચાંચિયા વગેરેના ભયને કારણે દરેક ઈરાની સ્ત્રી-પુરુષ હથિયાર સજ્જ હતાં. પ્રથમ તેઓ દીવ બંદરે ગયાં પણ ત્યાંનું વાતાવરણ અનુકૂળ નહીં લાગવાથી તેઓ સંજાણ બંદરે આવી ઊતર્યાં.

આવા શસ્ત્રસજ્જ અને કદાવર ઈરાનીઓને જોઈને ત્યાંના બંદરવાસીઓએ ત્યાંના રાજા યાદવ રાણાને જાણ કરી. યાદવ રાણાએ ઈરાનીઓના ટોળાના વડાને ચર્ચા કરવા પોતાની રૂબરૂ બોલાવ્યા. એ નેતા નામે 'નૈર્યોસંગ ધવલ' જેઓ દસ્તૂર 'ધર્મગુરુ'

હતા તેઓ પોતાના કેટલાક સાથીઓને લઈને યાદવ રાણાને મળ્યા અને રાજાએ પૂછેલા સવાલો જેવા કે, ''તમે કોણ છો?'' ''કયાંથી આવ્યા છો?'' ''શા માટે આવ્યા છો?'' વગેરેના જવાબ આપ્યા અને સંજાણમાં વસવાટ કરવાની પરવાનગી રાજા પાસે માગી. ઈરાનીઓના બુદ્ધિચાતુર્યની કસોટી કરવા રાજાએ દૂધથી છલોછલ ભરેલો હાંડો ભરસભામાં મુકાવી ઈરાનીઓના નેતા તરફ જોયું. રાજા આથી એમ કહેવા માગતો હતો કે, ''આ દૂધથી છલોછલ ભરેલા હાંડાની જેમ મારા રાજ્યમાં ભરપૂર વસ્તી છે, અને વસવાટ માટે જરા પણ જગ્યા નથી.'' આ મતલબ પામી જઈને દસ્તૂર નૈર્યોસંગે પોતાની આંગળીમાંથી વીંટી કાઢીને તે દૂધથી છલોછલ ભરેલા હાંડામાં નાખી. દસ્તૂર નૈર્યોસંગ આથી એમ કહેવા માગતા હતા કે, ''આ વીંટી જેમ હાંડામાં સમાઈ ગઈ છે તેમ અમે પણ આ ભરપૂર વસ્તીમાં સમાઈ જઈશું. વીંટી જેમ અસીમ પ્રેમનું પ્રતીક છે તેમ અમે પણ આ ભરપૂર પચરંગી વસ્તીમાં પ્રેમ, અહિંસા અને એખલાસથી રહીશું.'' આ મતલબથી ખુશ થઈને યાદવ રાણાએ ઈરાનીઓને સંજાણમાં વસવાની પરવાની આપી. પરચાનગી આપવાનું એક કારણ એ પણ હતું કે જો આવા કદાવર અને લડાયક પારસીઓ પોતાના રાજ્યમાં હોય તો આજુબાજુના પ્રદેશના લોકો સંજાણ પર હુમલો કરે નહીં. પરંતુ આ પરવાનગી આપતાં પહેલાં રાજાએ ઈરાનીઓને તેમનાં હથિયાર ઉતારી આપવાની શરત કરી, જે ઈરાનીઓએ કબૂલ રાખીને દરેક ઈરાનીએ પોતાનાં હથિયાર રાજાને ઉતારી આપ્યાં. ઈરાનના પાર્સ પ્રાંતમાંથી આવેલા હોવાથી આ ઈરાનીઓ પારસી તરીકે ઓળખાયા. આમ સંજાણમાં પારસીઓ અને હિંદુઓ સંપથી રહેવા લાગ્યા.

પારસીઓ સંજાણમાં રહીને ખેતીવાડી, બાગબાની, પશુપાલન વગેરે વ્યવસાય કરવા લાગ્યા. કેટલાંક વર્ષો પછી પારસીઓએ સંજાણમાં એક આતશ બહેરામ (ધર્મનું મંદિર) બાંધવાની પરવાનગી યાદવ રાણા પાસે માગી. રાજાએ પરવાનગી આપવા ઉપરાંત તે માટેની જમીન પારસીઓને ભેટ આપી અને ત્યાં ધર્મનું મંદિર રચાયું.

કેટલાંક વરસ રહીને ગુજરાતના તે સમયના સુલતાન મહમદ બેગડાના સેનાપતિ અલફખાને સંજાણ પર હુમલો કર્યો. બે ગઢ (જૂનાગઢ અને પાવાગઢ) જીતેલા હોવાથી તે બે ગઢો-બેગડો કહેવાતો. એને માટે રમૂજી વાત એ છે કે નાનપણથી જ એનો ખોરાક ઘણો હતો. રાત્રે પણ તે સૂતેલો હોય એ બિછાનાની બન્ને બાજુએ ખોરાકથી ભરપૂર ટેબલ રખાતાં અને જે બાજુએથી એની ઊંઘ ઊડી જાય ત્યાંથી એ ખોરાક ખાવા માંડતો.

અલફખાનની ચડાઈથી ગભરાઈને યાદવ રાજાએ પારસીઓની મદદ માગી અને પોતે જે હથિયાર પારસીઓ પાસેથી ઊતરાવ્યાં હતાં તે જ હથિયાર રાજાએ પારસીઓને ધારણ કરાવ્યાં. પારસીઓ અને હિંદુઓ એકત્ર થઈને મુસલમાનો સામે લડ્યા ને તેમને હરાવીને નસાડી મૂક્યા.

હારથી નામોશી પામેલા અલફખાનને મહમદ બેગડાએ ખૂબ ઠપકો આપ્યો ને સજા કરવા માંડી. પણ બીજી વારની લડાઈમાં પોતે જીત મેળવશે જ એવી ખાતરી અલફખાને આપવાથી બીજી વાર મોટું લશ્કર આપીને મહમદે અલફખાનને સંજાણ તરફ મોકલ્યો.

આ વખતે અલફખાને યુક્તિ કરી પોતાની સાથેના મોટા લશ્કરના બે ભાગ પાડી એક ભાગને નજીકના જંગલમાં છુપાવી

દઈને બીજા બાકીના લશ્કર સાથે સંજાણ પર હુમલો કર્યો. ફરી વાર પારસીઓ અને હિંદુઓ એકત્ર થઈને મુસલમાનો સામે લડચા અને મુસલમાનો ફરી હારી જાય એમ લાગવાથી અલફખાને છુપાવેલું પેલું અનામત લશ્કર લડાઈમાં ઉતાર્યું. પારસીઓ અને હિંદુઓ લડાઈથી થાકેલા હતા જ તેમાં આ નવું તાજું લશ્કર આવવાથી હતાશ થયા. પરિણામે છેવટની લડાઈમાં મુસલમાનો જીત્યા ને શહેરમાં મુસ્લિમ લશ્કરે લૂંટફાટ કરવા માંડી. પોતાના ધર્મના મકાનને હાનિ પહોંચશે એવો ભય લાગવાથી પારસીઓએ તેમના પવિત્ર અગ્નિને સંજાણથી ૧૫ માઈલ દૂર આવેલા બહારોટના પર્વત પર લઈ જઈને ગુફામાં રાખ્યો. ત્યાંથી ૮-૧૦ વરસ પછી તે અગ્નિને નસવારી લઈ ગયા. ત્યાં ઘણો લાંબો સમય રહ્યા પછી તે અગ્નિને સુરત, સુરતથી પાછા નવસારી, નવસારીથી વલસાડ અને વલસાડથી છેવટે ઉદવાડા લઈ ગયા જ્યાં આ પવિત્ર અગ્નિ 'ઈરાન શાહ' નામે આજે પણ હયાત અને પ્રજ્વલિત છે. આમ ધર્મના અને દેશ(જ્યાં પણ વસતા હોય ત્યાં)ના રક્ષણાર્થે પારસીઓ ઝઝૂમ્યા છે, અને બલિદાન આપ્યાં છે. આવી ધર્મ પ્રત્યેની આસ્થા તેમ જ ધર્મ અને દેશના રક્ષણાર્થે ઝઝૂમવવાનું શિક્ષણ અને તાલીમ પારસીઓને ધર્મશિક્ષણ મારફતે મળ્યાં છે અને એ કારણે જ પારસીઓ હિંદ દેશને પોતાની માતૃભૂમિ તરીકે આજે પણ ગણી રહ્યા છે. અને યાદવ રાણાએ પારસીઓના વડીલોમાં મૂકેલો વિશ્વાસ યથાર્થ કરી બતાવ્યો છે અને પારસીઓના વડીલોએ તે સમયે યાદવ રાણાને આપેલા વચનનું અક્ષરશઃ પાલન કરી બતાવ્યું છે.

ત્રીજો સિદ્ધાંત તે સ્વાર્થત્યાગ-દાનવૃત્તિ-સખાવત. સખાવત અર્થાત્ 'સહ-ખાવત' સાથે બેસીને ખાઓ. તમારી પાસે જે

કાંઈ ખાવાનું હોય તો તે ગરીબગરજાઉ માણસોને આપીને, વહેંચીને ખાઓ. આ સદ્‌ગુણ ઉપરથી જ સખાવત-દાનવૃત્તિ-Charityનો સિદ્ધાંત ઉદ્‌ભવ્યો છે. અને પયગંબર જરથુષ્ટ્રે શીખવેલા અને અપનાવેલા આ સદ્‌ગુણોને કારણે જ પારસીઓએ કોમ અને પરકોમમાં, દેશપરદેશમાં અનેક નાનીમોટી સખાવતો કરી છે. શાળા, કૂવા, ધર્મશાળા, દવાખાનાં, હૉસ્પિટલ વગેરે સાર્વજનિક હેતુ માટે પારસીઓએ લાખો રૂપિયા ખર્ચીને બંધાવ્યાં છે. આપણી પાસે જે કાંઈ છે તે અને દાદર હોરમઝ ખુદાના ખજાનામાં આપણે સંભાળનાર- Custodians - છીએ ને તે ખુદાના નામથી આપવાનું છે એ આ સિદ્ધાંતનું મુખ્ય લક્ષણ છે. આ માટે પયગંબર જરથુષ્ટ્રે રચેલા મંત્રોનો 'ગાથા'માં ચાલુ ઉલ્લેખ મળે છે, ત્યાં ખાસ કહ્યું છે કે, ''સુખ તેને કે જેનાથી સુખ બીજાને.'' દરેક જરથોસ્તી સ્ત્રી કે પુરુષ તેની રોજિંદી ચાલુ પ્રાર્થનામાં ભણે છે કે, ''મારી પાસે જે કાંઈ છે, જે કાંઈ પ્રાપ્ત થયું છે તે સર્વે હું ખુદાના ચરણે ધરું છું.'' (I dedicate unto God) ઉપનિષદમાં આપેલું શિક્ષણ 'તું ત્યાગીને ભોગવ' એ ઉપલા અવસ્તા ચરણને મળતું જ ચરણ છે. બીજું ચાલુ ભણાતું ગાથાનું ભણતર સૂચવે છે કે, ''જે કોઈ ગરીબ લાચારને આશરો આપે છે (આશરો આપવો એટલે અન્ન, વસ્ત્ર, રહેઠાણ પૂરાં પાડવાં) તે ખુદાના દરબારમાં માનીતો થાય છે.'' ગાથાનું ત્રીજું ચરણ છે જેનો અર્થ થાય છે કે, ''હે ખુદા! જે કાંઈ તમે વિચાર્યું, બોલ્યા, અમલ કર્યો તે સઘળું ભલું અમો તમને અર્પણ કરીએ છીએ, તમારા ચરણોમાં મૂકીએ છીએ અને તમારા કરજદાર છીએ, એ બધા માટે તમને નમન હોજો.''

સખાવત મનથી, શબ્દથી અને કર્મથી થઈ શકે છે. કોઈ

માણસ (આપણો દુશ્મન હોય, વિરોધી હોય તોપણ) જો બીમાર હોય, તે વહેલો સારો થઈ જાય એવું આપણે મનમાં વિચારીએ તે મનની સખાવત છે. કોઈ લાચાર ગરજવંતને નોકરી માટે ભલામણના બે શબ્દો લાગતાવળગતાને કહીએ છીએ તે વચનની–શબ્દની સખાવત છે. કોઈને જાતે મદદ કરીએ તે સખાવતી કર્મ છે. આમ મન-વચન અને કર્મની સખાવત જરથોસ્તી ધર્મે અવશ્યની ગણાવી છે.

ચોથો સિદ્ધાંત છે અવસ્તા ભાષાનો શબ્દ 'અંશ-અશોઈ' અર્થાત્ પવિત્રતા, ચોખ્ખાઈ. અવસ્તા અને સંસ્કૃત ધાતુ 'ઋ' (એટલે સીધા પવિત્રતાના માર્ગે જવું) પરથી અંશ શબ્દ પડ્યો છે. હિંદુઓમાં 'ઋષિ' એવી પવિત્રતા ધરાવનાર માનવી માટે વપરાય છે. પવિત્રતા તનની (શરીરની) અને મનની છે. રોજ નાહીધોઈને શરીર સાફ રાખવું, શરીર પર કાંઈ કચરો કે ગંદકી લાગી હોય તો તે દૂર કરવી વગેરે તનની સફાઈ ગણાય છે. મનમાં સારા વિચાર કરવા, સર્વેનું ભલું થાય એવી ઇચ્છા રાખવી, બૂરા વિચાર કરવા નહીં વગેરે મનની પવિત્રતામાં ગણાય છે. અશોઈ અર્થાત્ પવિત્રતા માટે ગાથામાં સૂત્ર છે કે, ''આ દુનિયામાં એક જ માર્ગ છે અને તે અશોઈ(પવિત્રતા)નો, બીજા બધા ખોટા માર્ગ છે.

અશોઈનું પાછળથી રૂપાંતર થયું સચ્ચાઈમાં. કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે, સાચું જ બોલવું, પછી ભલે તે સત્ય બોલનારને કે તેના સગાં-સ્નેહી, આપ્તજનોને નુકસાન થાય. છતાં સત્ય જ બોલવાનું દરેક બાળકને જરથોસ્તી ધર્મનું પ્રથમ શિક્ષણ અને ફરમાન છે.

આમ સત્ય દરેક જરથોસ્તીના જીવન અને વ્યવહારમાં વણાઈ જાય એવું ગાથાનું શિક્ષણ છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ

પણ સત્યને અતિ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું અને પોતાની ભૂલ હોય, ક્ષતિ હોય કે ખામી હોય તેનો પણ તેમણે સચ્ચાઈપૂર્વક સ્વીકાર કર્યો છે અને આથી સત્યમેવ જયતે–'સત્યનો સદા જય છે' એ આપણા રાષ્ટ્રનો મુદ્રાલેખ બન્યો છે. પયગંબર જરથુષ્ટ્રે તેમનાં ભાષણો દરમિયાન ખુલ્લું કહ્યું છે કે, "મારાં હાડકાં તૂટી જાય, મારી બુદ્ધિ ગુમ થાય, મારો જાન જાય તોપણ હું સત્યને ત્યજીશ નહીં." વળી સુભાષિતમાં પણ એમ જ કહેવાયું છે કે, "સત્ય સિવાય કોઈ ધર્મ જ નથી." આવું સત્ય જરથોસ્તી ધર્મે શીખવેલું અને પયગંબર જરથુષ્ટ્રે પ્રચારેલું છે. દરેક ધર્મના મુખ્ય પયગંબરોના ચિત્રમાં તેમના માથાની આસપાસ જે (ખોરેહ)=દિવ્ય પ્રકાશ–Halo જોવામાં આવે છે તે એમની સત્ય પ્રત્યેની પૂરી શ્રદ્ધા અને સત્યપાલનને લીધે જ છે. પયગંબર જરથુષ્ટ્રનું કસમયે દુઃખદ અવસાન થયું તે પણ એમના સત્ય અને ધર્મના પાલન અને પ્રચારને લીધે જ.

અને જ્યારે અગ્નિની શોધ થઈ ત્યારે આર્ય વડીલોને નિરાંત થઈ. એવું બન્યું કે એક ઈરાની શહેનશાહ દરબારીઓ સાથે શિકાર કરવા ગયો. તે વખતે પથ્થરનાં હથિયાર વપરાતાં હતાં. દૂરથી એક મહાકાય અજગરને જોઈને શહેનશાહે પોતાના હાથમાંનું પથ્થરનું હથિયાર તેના તરફ ફેંક્યું. અજગર છટકી ગયો ને પેલું પથ્થરનું હથિયાર જમીન પરના બીજા પથ્થર સાથે અથડાયું. ચિનગારી પ્રગટતાં આસપાસનું સૂકું ઘાસ બળી ગયું. આમ અગ્નિ ઉત્પન્ન થયો. સાંજનો વખત હતો. ઝઝકલું–Dusk–થવા આવેલું. તે સમયે આ અગ્નિ શહેનશાહ તથા દરબારીઓને ખૂબ આવકારદાયક લાગ્યો. તેમણે ત્યાં જ પથ્થરનાં હથિયારો જમીન પરના પથ્થર સાથે અથડાવી તેની ચિનગારી વડે ઘાસ

સળગાવી અગ્નિ ઉત્પન્ન કરવા માંડયો. તેમને જણાયું કે આ રીતે અગ્નિ ઉત્પન્ન કરી શકાય છે.

શહેનશાહ અને દરબારીઓએ ઘેર જઈને પણ આ પ્રયોગ કર્યો ને અગ્નિ ઉત્પન્ન થયો. વડીલોને લાગ્યું કે સૂર્ય તો દિવસે જ ગરમી અને પ્રકાશ આપે છે, જ્યારે અગ્નિ તો દિવસે કે રાત્રે, ગમે ત્યારે ગમે ત્યાં ગરમી ને રોશની આપે છે. અગ્નિ ગમે ત્યાં લઈ જઈ શકાય છે (Tangible) ને ગમે ત્યાં ઉત્પન્ન કરી શકાય છે. અગ્નિ વડે રાતની ઠંડી ને અંધકાર દૂર કરી શકાય છે ને પેલા મહાકાય જંગલી જાનવરોને બિવડાવીને નસાડી શકાય છે.

અગ્નિ શોધાવાથી બીજી શોધ થવા લાગી. "Necessity is the mother of invention" એ કહેવતને આધારે અત્યાર સુધી જે ખોરાક અધકચરો ખવાતો હતો તેને બદલે રાંધેલો ખોરાક ખાવાની શરૂઆત થઈ. તે માટે વાસણો જોઈએ તેથી ધાતુની શોધ થઈ. ધાતુની શોધને પગલે કિલ્લા તેમ જ મકાનોનાં બારીબારણાં, હથિયરો, વહાણો વગેરેમાં ધાતુનો ઉપયોગ થવા માંડયો. આમ અગ્નિ માનવજીવનમાં તાણાવાણા રૂપે વણાઈ ગયો. આજે તો અગ્નિ સામાન્ય જીવનમાં અતિ મહત્ત્વની વસ્તુ બન્યો છે. રેલવે (સ્ટીમ એન્જિન), સ્ટીમર, એરોપ્લેન, જેટ (Jet) પ્લેન વગેરેમાં પણ અગ્નિ – Heat energy – દ્વારા કામ કરે છે.

આપણા શરીરમાં પણ અમુક પ્રમાણમાં ગરમી છે. તે ન હોય તો માનવી જીવી શકે નહીં. વળી બીજી પણ અણદીઠ ગરમી માનવીમાં છે જેને અંગ્રેજીમાં (જિગરની ગરમી – warmth of heart) તરીકે ઓળખવામાં આવે છે. મા-બાપ, પતિ-પત્ની, દીકરા-દીકરી, ભાઈ-બહેન, બે મિત્રો કે બે દેશ વચ્ચે જે

પ્રેમ, માયા, મિત્રાચારી, સ્નેહ, દોસ્તીની ભાવના છે તે આ warmth of heartને આભારી છે.

શરૂઆતમાં જ્યારે અગ્નિની શોધ થઈ ન હતી ત્યારે સૂર્યની જરૂરિયાત અને ઉપયોગિતાને લીધે–દરેમેહર–સૂર્યનાં મંદિરો–Temples of Mithra-સ્થપાયાં, જ્યાં સૂર્ય મારફતે ખુદાની બંદગી થતી હતી. પણ જ્યારે અગ્નિની શોધ થઈ અને અગ્નિ દિવસે કે રાત્રે ગમે ત્યારે, ગમે ત્યાં માનવસેવા માટે વધુ ઉપયોગી જણાયો ત્યારે સૂર્યનાં મંદિરોને બદલે અગિયારી (અગ્નિ+આરી=અગ્નિનું સ્થળ) ચાલુ થયાં અને પવિત્ર કરાયેલા અગ્નિના જુદા જુદા તબક્કાને ધ્યાનમાં લઈને તેમના આતશ બહેરામ (સૌથી ઊંચા દરજ્જાના આતશ), આતશ-આદરાન–(વચલા દરજ્જાના અગ્નિ) અને આતશ દાદગાહ (નીચલા દરજ્જાના આતશ) એમ નામ પડ્યાં, જ્યાં અગ્નિ મારફતે ખુદાની બંદગી થવા માંડી. યાદ રાખવાની ખાસ જરૂર છે કે પારસીઓ અગ્નિપૂજક નથી. Parsis are not fire worshippers. પવિત્ર મંદિરોમાં ઉપર મુજબ અગ્નિને જુદી જુદી ક્રિયા–ભણતર વડે પવિત્ર કર્યા પછી પ્રસ્થાપિત કરીને તે અગ્નિ મારફતે તેના પેદા કરનાર ખુદાની પ્રાર્થના કરવામાં આવે છે. અગ્નિ એ તો પ્રાર્થના કરવા અંગે ધ્યાન એકત્રિત (Meditation) કરવા માટેનું સાધન છે. પયગંબર જરથુષ્ટ્રે રચેલી ગાથામાં ખુલ્લું કહેવાયું છે કે, ''હે ખુદા, આ તારા પવિત્ર અગ્નિ મારફતે અમે તને પહોંચવા (તારી બંદગી કરવા) માગીએ છીએ.'' આમ પારસીઓ ખુદાની પેદા કરેલી જે જે વસ્તુઓ પાણી, સૂર્ય, ચંદ્ર વગેરે સમક્ષ ઊભા રહીને બંદગી કરતા જણાય છે તે, તે વસ્તુની બંદગી નહીં પણ તેના પેદા કરનાર ખુદાની બંદગી છે.

પારસીઓ સ્ત્રી કે પુરુષ, મોટા કે નાના જ્યારે પવિત્ર અગ્નિમંદિરમાં જાય છે ત્યારે પોતાની સાથે સુખડ(ચંદન)નો એક ટુકડો લઈ જાય છે. ત્યાંના ફરજ પરના ધર્મગુરુ તે પારસી વતી, તે સુખડ પેલા પવિત્ર અગ્નિને અર્પણ કરે છે. બદલામાં તે ધર્મગુરુ પેલા પારસીને તે અગ્નિની રાખ-ભસ્મ એક વાસણમાં ધરે છે, જેમાંથી એક નાની ચપટી લઈ તેનું કપાળે તિલક કરવાનું હોય છે. આમ આ રાખ કપાળે લગાડવાના કેટલાક ભાવાર્થ છે. જેમ કે :

૧. આ રાખ દરેક પારસી મોટા–નાના, ગરીબ–તવંગર, સ્ત્રી કે પુરુષ દરેકને એક જ પાત્રમાંથી એક જ જાતની રાખ કપાળે લગાડવાની હોય છે. આમ સરખાપણા–Equality–નો સિદ્ધાંત જળવાય છે. આ સરખાપણાનો સિદ્ધાંત પારસીઓના પોશાક–uniform–સદરો અને કસ્તીમાં પણ જોવામાં આવે છે. દરેક પારસી સ્ત્રી કે પુરુષ, મોટા કે નાના દરેકને માટે એક જ રંગ(સફેદ)નો અને એક જ જાત(સુતરાઉ)નો સદરો ફરજિયાત ધારણ કરવાનો હોય છે. બીજું કોઈ પણ જાતનું રેશમી વગેરે કપડું કે સફેદ સિવાય બીજો કોઈ પણ રંગ ન ચાલે. દરેકને માટે એકસરખું, એક જ જાતનું ધારણ કરવાનું. કસ્તી જે દરેક પારસીએ કમર પર ધારણ કરવાની હોય છે તે પણ દરેકને માટે એકસરખી–ઘેટાના ઊનની બનાવેલી હોય છે. એક જરથોસ્તી પારસી બાળક–છોકરો કે છોકરી જે નવજોતની ક્રિયામાંથી ફરજિયાત પસાર થાય છે તે દરેકને આ સદરો અને કસ્તી ફરજિયાત ધારણ કરવાનાં છે. આમાં પણ સરખાપણાનો સિદ્ધાંત જળવાયો છે.

એક પારસી જરથોસ્તી જ્યારે અવસાન પામે ત્યારે તેની લાશને દોખ્મા જેવી ઉપરથી ખુલ્લી જગ્યામાં રાખવામાં આવે

છે જ્યાં ગીધ પક્ષીઓ તે લાશનું ભક્ષણ કરે છે. આ દોખ્માામાં જ્યાં તવંગર પારસી શેઠિયાની લાશ મુકાઈ હોય તેનો ભક્ષ થયા બાદ તે જ જગ્યાએ તે શેઠિયાના પારસી નોકરની લાશ મુકાય છે. આમ આમાં પણ સરખાપણાનો સિદ્ધાંત જળવાય છે.

પારસીઓમાં જે 'ગાહમ્બાર'(feast during seasonal changes)ની પ્રથા છે તે વરસના છ 'ગાહમ્બાર'ના પ્રસંગો દરમિયાન દરેક પારસી ગરીબ કે તવંગર એક જગ્યાએ એકઠા થાય છે. ત્યાં જશન (યજ્ઞ) જેવી પવિત્ર ક્રિયા થયા બાદ બધા એકત્ર થઈ એક જગ્યાએ પંગતમાં જાજમ પર બેસી રાંધેલો ખોરાક ખાય છે. આ ખોરાક રાંધવા માટે દરેક ગરીબે તેમ જ તવંગરે યથાશક્તિ ચીજવસ્તુઓનો ફાળો આપવાનો હોય છે. કોઈ તરકારી લાવે, કોઈ અનાજ કે મસાલા કે ઘી-તેલ કે લાકડાં લાવે. આમ એકત્ર થયેલી વસ્તુ રાંધવામાં આવે ને તે રાંધેલો ખોરાક દરેક જણ એ પંગતે ખાય. એ પંગતમાં ગરીબ-તવંગર પાસે બેસીને જમે. એ પંગતની વચમાં દેશનો રાજા-શહેનશાહ પણ બેસીને તે જ ખોરાક જમે. આમ ગરીબ-તવંગરના ભેદ ભુલાતા જઈને એકસરખાપણાની ભાવના ફેલાય. સમાજવાદ–socialism–નો આજે લગભગ દરેક સ્થળે પ્રચાર થાય છે પણ ઉપર લખ્યા મુજબનો સમાજવાદ પયગંબર જરથુષ્ટ્રે લોકોને આજથી હજારો વરસ પૂર્વે શીખવ્યો હતો.

૨. કપાળ પર રાખ લગાડવાની બીજી મતલબ એ છે કે, ''જેમ પેલો સુખડનો ટુકડો બળી જઈને થોડો વખત પ્રકાશ આપી ગયો તેમ આપણે આપણા જીવનનો ઉપયોગ બીજાઓના જીવનમાં પ્રકાશ પાથરવા માટે કરવાનો છે. બીજાઓ માટે સેવાભાવી–Lead kindly light–બનવાનો છે.

૩. કપાળ પર રાખ લગાડવાનો ત્રીજો અર્થ એ છે કે

તે નમ્રતા શીખવે છે કે આપણે માટીમાંથી નીકળ્યા અને આખરે માટી(રાખ)માં જ મળી જવાના છીએ. ખ્રિસ્તીઓમાં રિવાજ છે કે જ્યારે કોઈ ખ્રિસ્તી ગુજરી જાય ત્યારે તેની લાશને કૉફિન(લાકડાની શબપેટી)માં મૂકીને તે કૉફિનને જમીનમાં નીચે ઉતારતાં અને તેના ઉપર થોડી માટી નાખતાં એમ બોલાય છે કે, "Dust thou art to Dust returnest" (અર્થાત્ તું માટીમાંથી નીકળેલો અને માટીમાં મળી જવાનો). આમ જીવન ક્ષણભંગુર છે અને માનવી એ ખાકનું પૂતળું છે એવું સૂચન નમ્રતાનું 'Humility'નું કરાય છે.

૪. ચોથો ભાવાર્થ તે અગ્નિ એના સંપર્કમાં આવતી વસ્તુને જેમ બાળી નાખે છે તેમ આપણે આપણામાં રહેલા દુર્ગુણો–કામ–ક્રોધ–મોહ–મત્સર વગેરેનો નાશ કરવાનો, દૂર કરવાનો છે. એ પણ રાખ કપાળે લગાડવા પાછળનો ભાવાર્થ છે. સાધુ–સંન્યાસીઓ પોતાના શરીર પર ભભૂત લગાડે છે તેમાં પણ જીવનની ક્ષણભંગુરતા અને તે કારણે નમ્રતા રાખવાનું સૂચન છે.

અગ્નિ માટેની જુદી પ્રાર્થના (જુદું ભણતર) 'આતશન્યાર્યશ' (સ્તુતિ) તરીકે અવસ્તા ભાષામાં છે જેમાં અગ્નિને નમન/સ્તુતિ કરનારને તે અગ્નિ સુખ, આબાદી, ફતેહ, ચબરાક બાળકો, સમાજમાં માન–મરતબો, જાતિ, અક્કલ વગેરેની બક્ષિસ કરવા તે અગ્નિ ખુદાને અરજ કરે છે અને પોતાની સ્તુતિ કરનારને તે અગ્નિ આશિષ આપે છે કે, "તું જેટલો સમય (દિવસ ને રાત) જીવે તેટલો બધો સમય ખુશાલ હાલતમાં રહેજે." આમ અગ્નિ એ ખુદાનું હાજર સ્વરૂપ માનવી સમક્ષ હોવાનું મનાય છે.

ઉદ્યોગી જીવન એ જરથોસ્તી ધર્મનું ખાસ લક્ષણ Salient

feature છે. દરેક માનવીએ કોઈ કોઈ ઉદ્યોગમાં રચ્યાપચ્યા રહેવું એ મુખ્ય મુદ્દો છે. તે જમાનો ખેતીવાડીનો હતો ને અસલી આર્યો ખેતીવાડી, બાગબાની, ગોપાલન, ગોસંવર્ધન ને ગોરક્ષણ વગેરે ઉદ્યમ અને મહેનતનાં કાર્યોમાં રોકાયેલા રહેતા. પયગંબર જરથુષ્ટ્રે રચેલ ગાથામાં એક સૂત્ર છે જેનો અર્થ થાય છે, ''જે અનાજ વાવે છે તે અશોઈ (પવિત્રતા) વાવે છે.'' અર્થાત્ એક ખેડૂત ખેતી કરે તેમાં તે પોતે તો કામ કરે જ પણ તેનું આખું કુટુંબ પણ ગાય-ઢોરની ચાકરી કરીને સાફસૂફી–ખેતરથી અનાજ લાવવું ને સાફ કરવું, ખેડૂતના અને ગાય-ઢોરના ખોરાકની કાળજી લેવી, ખેતરમાં ખેડૂતને અનાજ લેવા વગેરેમાં મદદ કરવી વગેરે કામમાં રોકાય છે. જો જમીન વધારે હોય તો ખેડૂત બીજા માણસોને કામે રાખે. એમ બધાને રોજી અને રોટી મળે. તે ખેડૂત વધારાનું અનાજ સરકારને વેચે; સરકાર તે અનાજ જરૂરિયાતવાળાને પૂરું પાડે–આમ દરેક જણને ખાવાનું મળે, ખોરાક મેળવે, દરેક જણ સંતોષી રહે. સંતોષ હોય ત્યાં શાંતિ હોય, ત્યાં લડાઈ, બખેડા, ઝઘડા થાય નહીં અને શાંતિ હોય ત્યાં પવિત્રતા (અશોઈ) હોય. આમ જે અનાજ વાવે છે (ખેતી કરે છે) તે અશોઈ વાવે છે તે સૂત્ર સર્વ રીતે યોગ્ય છે.

ખેડૂતની જેમ દરેક વર્ગ–ધર્મગુરુ, વેપારી, કારીગર, ક્ષત્રિય વગેરેએ પોતપોતાના કાર્યધંધામાં રોકાયેલા રહીને ઉદ્યમી બનવાનું હતું. ધર્મગુરુ ક્રિયાકાંડ, ભણતર વગેરે ઉપરાંત ધાર્મિક પુસ્તકો–Scriptures–ને ધાર્મિક પ્રવચનો દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરે, ક્ષત્રિય સૈનિક શાંતિના સમયમાં દેશનું રક્ષણ વધુ સુદઢ બને તે માટે પ્રયાસ કરે, વેપારી પોતાનો વેપાર વધારવા બીજા દેશના વેપારીનો સંપર્ક સાધીને વેપારને વિકસાવે ને

દેશની આબાદી ને સમૃદ્ધિમાં સહાયભૂત બને. આમ દરેકે પોતાનો ફાળો આપવાનો હતો. ઈરાન દેશે જે સંગીન પ્રગતિ કરેલી ને તેમાં મેળવેલી સિદ્ધિઓ દ્વારા દેશને આગલી હરોળમાં લાવવા આપેલા સિંહફાળાને જ આભારી હતું. આમ દરેકને ફરજ પરસ્તીનો પાઠ નાનપણથી જ શીખવાતો.

પારસીઓમાં એક સૂત્ર છે જેનો ભાવાર્થ છે કે, ''હે પારસી જરથોસ્તીઓ તમે સર્વે વખતસરના, યોગ્ય અને પ્રસંગોપાત્ત ભલાં કાર્યોમાં તમારો સમય પસાર કરો. ભલો ઉદ્યમ કરો, સ્વાશ્રયી બનો, ખુદાને ભલાં કામ કરનારા માનવીઓ પ્રિય છે.''

કરણીનો કાયદો : એ બીજું લક્ષણ છે. ''માણસ જેવું કાર્ય કરે તેવો બદલો તેને આ દુનિયામાં અને બીજી પેલી દુનિયામાં મળશે'' એમ પયગંબર જરથુષ્ટ્રે જણાવ્યું છે. ''સુખ તેને કે જેનાથી સુખ બીજાને'', ''ભલાને ભલો અને બૂરાને બૂરો બદલો'' આવાં સૂત્રો દ્વારા પયગંબર જરથુષ્ટ્રે દરેક પારસી જરથોસ્તીને ભલાં કામ કરવાનું સૂચન કર્યું છે.

સેવા : એ જરથોસ્તી ધર્મે શીખવેલો અનુપમ સિદ્ધાંત છે. આ વાકય વિરોધાભાષી લાગશે પણ દરેક માનવીની ફરજ પ્રથમ પોતાના પ્રત્યેની, એક માનવી પોતાના શરીરની કાળજી રાખીને તંદુરસ્ત તેમ જ મનદુરસ્ત રહે તો તે પોતાનાં સગાં-સ્નેહીને, કુટુંબ-કબીલાને, શહેરને, કોમને અને દેશને સહાયભૂત બની શકે અને સેવા બજાવી શકે. પણ પોતે જ બીમાર રહેતો હોય તો, ઘરમાં માંદગી દ્વારા કે હૉસ્પિટલમાં વધુ ઉપચાર અને સારવાર અંગે પોતાના કુટુંબ કે સમાજ પર બોજારૂપ બને. એટલે જ એક માનવીએ પોતે તંદુરસ્ત અને મનદુરસ્ત રહેવાની પ્રથમ ફરજ છે.

સમાજ પ્રત્યેની ફરજમાં સમાજને સખાવત-દાનવૃત્તિ દ્વારા

તેમ જ દેશના રક્ષણાર્થે લશ્કરી સેવા દ્વારા પણ એક માનવી ઉપયોગી બની શકે છે. માનવને સમાજ, શહેર કે દેશ પ્રત્યેની સેવા ઉપરાંત જાનવરો, પશુપંખીઓ પ્રત્યેની પણ એક ફરજ છે. જાનવરો પાસે ગજા ઉપરાંત કામ લેવું નહીં, તેને મારવાં નહીં, અતિશય ઠંડી કે ગરમી કે વરસાદમાં તેમને સબડવા દેવાં નહીં, તેમને માલિકે સમયસર ખોરાક આપવો, સુયોગ્ય રહેઠાણ આપવું, તેના પર માયા રાખી તેમની કાળજી લેવી વગેરે સૂત્રો જરથોસ્તી ધર્મમાં ફરમાવ્યાં છે.

નવજોતની ક્રિયા : એ દરેક પારસી જરથોસ્તી બાળક–છોકરો કે છોકરી, ધર્મગુરુ કે બિનધર્મગુરુને માટે અવશ્યની ને ફરજિયાત છે. તે ક્રિયા બાળકની ૭, ૯ કે છેવટે ૧૧ વરસની ઉંમરે થવી જોઈએ. શરૂઆતમાં તે બાળકને પવિત્ર સ્નાન કરાવવામાં આવે છે. જે પછી તે બાળકને મિજલસ સમક્ષ લાવીને સૌ પ્રથમ ક્રિયા કરનાર ધર્મગુરુ 'પટેત'નું ભણતર ભણે છે. 'પટેત' એટલે પસ્તાવો કરવો. આમ આ બાળકે અત્યાર સુધીમાં જે કાંઈ ખોટાં કામ, પાપ કે ગુના કર્યાં હોય તો તે બાળકે અજાણતામાં કર્યાં છે એમ માનીને તે ધર્મગુરુ તેના વતી પસ્તાવો કરે છે. 'પટેત' એટલે પસ્તાવો કરવો તે પરથી 'પટેતી' એટલે પસ્તાવો કરવાનો દિવસ. સામાન્ય રીતે આ દિવસ પારસી વરસનો છેલ્લો દિન છે. જ્યારે એક જરથોસ્તીએ આખા વર્ષ દરમિયાન કરેલાં પાપનો પસ્તાવો કરવાનો હોય છે. છતાં આ 'પટેતી'ની ભૂલમાં પારસી બેસતા વર્ષનો પ્રથમ દિવસ ગણીને ઘણા પારસીઓને પટેતી મુબારક ઇચ્છે છે જેનો અર્થ 'તમને પસ્તાવો મુબારક' એમ થાય. ખરી રીતે 'સાલ મુબારક' અગર 'નવરોઝ મુબારક' બોલવું જોઈએ.

આ 'પટેત'નું ભણતર તે ધર્મગુરુ તે બાળકના વતી કરે

છે. 'નવજોત' થયા પછી તે બાળકની પોતાની જવાબદારી છે. એટલે પોતાના કુકૃત્યોનો પસ્તાવો હવેથી (નવજોત થયા પછી) તે બાળક જ કરશે, કારણ તે સારુંનરસું – પોતાની જવાબદારી સમજે છે એમ મનાય છે.

પછીથી તે બાળકને એક પાટલા પર ઊભું રાખીને તેનું મુખ પૂર્વદિશા તરફ કરીને 'દિનનો કલમો' તે ધર્મગુરુ પોતે ભણતાં ભણતાં તે બાળક પાસે પણ ભણાવે છે, જે તે બાળકને 'સુદરેહ' પહેરાવે છે.

ત્યાર પછી તે બાળકને સૂર્યની દિશામાં (સવારે પૂર્વ તરફ અને સાંજે પશ્ચિમ તરફ) ઊભું રાખીને અમુક ભણતર-મંત્ર ભણતાં તે ધર્મગુરુ બાળકને 'કસ્તી' તેની કમરે બાંધે છે. છેવટે બાળકને પાટલા પર બેસાડીને તેના હાથમાં શ્રીફળ, પાન, સોપારી વગેરે આપીને તે ધર્મગુરુ તે બાળકને આશિષ આપતાં (સુખી રહો, તંદુરસ્ત, આબાદ, દીર્ઘાયુષ થાઓ વગેરે) તેના માથા પર ચોખા, દાડમના દાણા વગેરેનો છંટકાવ કરે છે. આમ નવજોતની ક્રિયા પૂરી થાય છે.

'નવજોત' એટલે નવો જન્મ. એક બાળકનો જન્મ શરૂઆતમાં તેના માબાપને પેટે થાય છે, પણ 'નવજોત'ની ક્રિયા (૭, ૯, ૧૧ વરસની ઉંમર સુધી) તે બાળક અણસમજું છે એમ મનાય છે. 'નવજોત'ની ક્રિયાથી તે બાળકનો ''નવો જન્મ તે ધર્મમાં થયો'' એમ મનાય છે. અને હવેથી તે બાળક પોતાના દરેક (સારાં કે નરસાં) કાર્ય માટે પોતે જવાબદાર રહેશે એમ મનાય છે. નવજોત થયા પછી દરેક પારસી જરથોસ્તી બાળકે (છોકરો કે છોકરી, ધર્મગુરુ કે બિનધર્મગુરુ દરેકે) પોતાના શરીર પર સુદરેહ અને કસ્તી ધારણ કરવાનું આવશ્યક ને ફરજિયાત છે.

સુદરેહ (શુદ્ધ+રાહ=પવિત્રતા–અશોઈનો રાહ બતાવનાર વસ્ત્ર). બીજો અર્થ સુદ એટલે નફો–profit–અર્થાત્ જે રસ્તે જતાં માનવીને ફાયદો થાય તે દર્શાવનાર વસ્ત્ર. સુદરેહ હંમેશાં દરેકને માટે સુતરાઉ સફેદ કપડાંનો હોય છે, કોઈ બીજી જાતનું કપડું કે કોઈ બીજો રંગ ચાલે નહીં. એ સુદરેહમાં છાતી આગળ એક નાની કોથળી રાખેલી હોય છે (દરેક સુદરેહમાં એ કોથળી હોવી જોઈએ). એ કોથળી માનવીના જિગર આગળ રાખવામાં આવે છે. જિગરમાં ખુદાનો–પરમાત્માનો વાસ છે. આ કોથળીનો ભાવાર્થ એ છે કે અહીં (પરમાત્મામાંથી) આપણો અલ્પાત્મા નીકળ્યો અને આ દુનિયાનો ફેરો ફરીને પાછું પરમાત્મામાં મળી જવાનું છે. પરમાત્મામાં મળી જવાની લાયકાત તરીકે આપણે હુમત–હુખ્ત–હબર્શ્ત–સારા વિચાર, સારાં વચન અને સારાં કામ કરવાને રસ્તે દરેક માનવીએ ચાલવું જોઈએ.

કૂસ્તી (ઘણા આને કસ્તી પણ કહે છે) પણ ખરો શબ્દ કૂસ્તી છે. જેને મળતો અંગ્રેજી શબ્દ 'coast' છે. 'coast' (કિનારો) જેમ પાણી અને જમીનને બે ભાગમાં વહેંચી નાખે છે, તેમ 'કૂસ્તી' (જે દરેકે કમર પર ફરજિયાત ધારણ કરવાની છે) કમર પર ધારણ કરવાથી તે શરીરને બે ભાગમાં વહેંચી નાખે છે: (૧) ઉપલો ભાગ જે સદ્ગુણો(દયા, માયા, પ્રેમ, મહોબત, માન, આદરની લાગણી, સખાવતની ભાવના)નું રહેઠાણ છે તે ભાગને મહત્ત્વ અપાવું જોઈએ. (૨) નીચલો ભાગ જે મળ, મૂત્ર વગેરે ગંદી વસ્તુઓથી ભરેલો છે, જેને મહત્ત્વ આપવાનું નથી.

આ 'કૂસ્તી' ઘેટાના ઊનના ૭૨ તારની બને છે, કારણ ઘેટું જેમ નિર્દોષ છે તેમ કૂસ્તી ધારણ કરનારે આજીવન નિર્દોષ

અને પ્રામાણિક રહેવાનું છે. ૭૨ તાર કૂસ્તીના હોવાની મતલબ એ છે કે ભણતરોમાં બીજાં નામો ઉપરાંત ખુદાનાં મહત્ત્વનાં ૭૨ નામ છે. પારસીઓના મહત્ત્વના ભણતર ક્રિયાના મંત્રનું પુસ્તક યજશને(યજ્ઞ)નાં ૭૨ પ્રકરણ છે જેમાં પયગંબર જરથુષ્ટ્રના મંત્રોનો પણ સમાવેશ કરાયો છે. કૂસ્તી કમર પર ધારણ કરવાની બીજી મતલબ એ છે કે જેમ એક સૈનિક-લડવૈયો પોતાના દેશના રક્ષણાર્થે હથિયારસજ્જ કમરબંધ ધારણ કરે છે, તેમ કૂસ્તી ધારણ કરનારે દેશના અને ધર્મના રક્ષણાર્થે ઝઝૂમવાનું-લડવાનું છે. એમ કરતાં એનો જાન પણ જાય તો તે સ્વદેશ તરફના ભક્તિભાવ-દેશપ્રેમની લાગણી patriotismને આભારી ગણાય છે. કૂસ્તીના બે છેડા છે જે આ અને પેલી દુનિયાનું સૂચન કરે છે. દરેક છેડે ત્રણ ત્રણ ઉપછેડા (બધું મળીને છ) છે. જે જરથોસ્તી ધર્મે સમજાવેલા છ ગાહમ્બરો-Seasonal changes-નું સૂચન કરે છે. આમ સુદરેહ અને કૂસ્તી દરેક માટે એકસરખાં અને ફરજિયાત છે. એથી આગળ સમજાવાયા મુજબ એકસરખાપણું Equality-સમાજવાદ(Socialism)નો સિદ્ધાંત જળવાય છે. સુદરેહ-કૂસ્તી ધારણ કરવાની વિધિને 'નવજોત' કહેવાય છે; આ શબ્દ હિંદુના 'દ્વિજ' શબ્દને મળતો આવે છે. 'નવજોત' અને 'દ્વિજ' બન્ને એકસરખા શબ્દો છે. જેનો અર્થ અનુક્રમે થાય છે : 'નવો જનમ' (નવજોત) અને બીજી વાર જન્મેલો (દ્વિજ). જોકે આ દીક્ષાવિધિ હિંદુઓમાં 'દ્વિજ' બ્રાહ્મણને અને તે પણ છોકરાને માટે જ વપરાય છે. નવજોત થયા પછી જેમ કૂસ્તી તેમ દ્વિજ બાળકને જનોઈ ધારણ કરવાની હોય છે. નવજોત થયા પછી દરેક જરથોસ્તી બાળકે – સવારે બિછાનામાંથી ઊઠતાંને વાર – કૂસ્તી છોડીને અમુક મંત્ર ભણતાં – ફરી બાંધવાની હોય

છે. કુદરતી હાજતે જઈ આવ્યા પછી, સ્નાન કર્યા પછી, બંદગીની શરૂઆતમાં તેમ જ અગ્નિમંદિરમાં દાખલ થતી વખતે પણ કૂસ્તી ભણતર ભણીને ધારણ કરવાની છે.

પયગંબર જરથુષ્ટ્રના પિતાની મિલકત અંગે જ્યારે જરથુષ્ટ્રના ચાર ભાઈઓમાં ઝઘડો થયો, ત્યારે પિતાના આગ્રહથી પયગંબર જરથુષ્ટ્રે તેમનો એક કમરબંધ પસંદ કરેલો (પિતાની યાદગીરીના પ્રતીકરૂપે). એ કમરબંધ તે હાલની કૂસ્તીના સ્વરૂપે હોવાનું માનવામાં આવે છે.

પયગંબર જરથુષ્ટ્રની આગમજ ઈરાનના મહાપ્રતાપી શહેનશાહ 'જમશેદ'ના સમયમાં એટલે આજથી આશરે ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦ વરસ પર કૂસ્તીની શોધ થયેલી. ''ખુદાના તથા ધર્મના અને દેશના એક બંદા(Servant)ની હેસિયતમાં અને તેના પ્રતીક 'symbol' સ્વરૂપે કૂસ્તીની શરૂઆત થઈ હોવાનું મનાય છે.

પારસીઓમાં પ્રતિજ્ઞા કે સોગંદ બે રીતે લેવામાં આવતા : (૧) અગ્નિ સમક્ષ (પવિત્ર અગ્નિમંદિરમાં જઈને) અને (૨) કૂસ્તી પર હાથ મૂકીને, અને આ બન્ને રીતે સોગંદ કે પ્રતિજ્ઞા લેનાર પોતાના વચન અને કાર્ય પર અણનમ–મક્કમ રહેશે એમ મનાતું.

નવજોતની ક્રિયા પછી ધર્મગુરુ વર્ગના, છોકરાઓ માટે 'નાવર'(નાવ+બર=જીવનની નાવ હંકારનાર–ધાર્મિક બાબતમાં સમાજને દોરવણી આપનાર)ની ક્રિયા છે. જેમાંથી પસાર થનાર ધર્મગુરુ વર્ગના છોકરાને જ અતિ મહત્ત્વની અને પવિત્ર ક્રિયા કરવાનો અધિકાર મળે છે. એ માટે અવસ્તા અને પહેલવી ભાષાના ગ્રંથો(મંત્રો)ની જાણકારી અને ક્રિયા-વિધિનું જ્ઞાન અવશ્યનું–essential મનાય છે. આવા ધર્મગુરુઓ દેશપરદેશમાં

જરથોસ્તી ધર્મનું જ્ઞાન જરૂરિયાતવાળાને આપી શકે. ધાર્મિક ભણતર અને ક્રિયાકામ કરી શકે, બાળકોના ધાર્મિક વર્ગો ચલાવી શકે અને વાચેઝ (ધાર્મિક પ્રવચન) આપી શકે. ધર્મની અને દુન્યવી કેળવણી લીધેલા, શીખેલા અને બહુશ્રુત ધર્મગુરુને પારસીઓ પોતાના 'દસ્તૂર' (દસ્ત=હાથ+બર=લઈ જનાર) ધાર્મિક દોરવણી કરનાર વડા ધર્મગુરુ તરીકે નિમણૂક કરી શકે, જેની મુખ્ય ફરજ જે તે અગ્નિમંદિરમાં રહી પોતાના પંથક 'Diocese'ના લોકોને માર્ગદર્શન આપવાની છે. તેના મદદનીશ બીજા ધર્મગુરુઓ પણ હોય છે.

અસલ ઈરાનમાં પરણતી કન્યાના પાંચ વર્ગો હતા :

૧. 'શાહઝન' : જે કન્યા તેનાં મા-બાપની ઈચ્છાને આધીન પોતાને પસંદ એવા પુરુષ સાથે લગ્ન કરે તેને 'પાદશાહઝન' (એટલે કે રાજાની કુંવરી સમાન-Like a Princess) તરીકે ઓળખવામાં આવતી. પરણતી કન્યાઓનો આ સર્વોત્તમ વર્ગ હતો.

૨. 'ખુદશ્રાયઝન' : જે કન્યા પોતાનાં મા-બાપની ઈચ્છાને અવગણીને પોતાની મરજીના ઈરાની પુરુષ સાથે લગ્ન કરે તેને ખુદશ્રાયઝન એટલે કે પેતાની મરજી મુજબ વર્તનારી તરીકે ઓળખવામાં આવે છે.

૩. 'અથોકઝન' : (એકલી સ્ત્રી) એટલે જે સ્ત્રી વિધવા બને તેને પુનર્લગ્નની છૂટ હતી. તે પોતાની પસંદગીના ઈરાની મરદ સાથે ફરી વાર લગ્ન કરી શકતી.

૪. 'ચકરઝન' : ઘણા એને 'ચાકરઝન' એટલે નોકરડી (દાસી સાથેનાં લગ્ન) ગણે છે. પણ 'ચકર' એટલે સગીર. જે બાળાની વય marriagiable age કરતાં નાની હોય તે સગીર (under aged) ગણાતી. આજે પણ એવી કન્યાનાં

લગ્ન થાય ત્યારે લગ્નના સર્ટિફિકેટ (marriage declaration form) પર તે કન્યાને બદલે તેના પિતા યા કાયદેસરના વાલીની સહી લેવાય છે.

૫. 'સ્તોમઝન' : જે પુરુષને દીકરો ન હોય અને ફક્ત દીકરીઓ જ હોય તે પોતાના જમાઈ સાથે કરાર કરે છે કે તેમને જે દીકરો થાય તે તેના માતમહ(માના પિતા)નો દત્તક બને. આમ 'Adoption' દત્તક લેવાની રૂઢિ તે જમાનામાં પણ ઈરાનમાં હતી. આની મતલબ એ જ કે દીકરીના દીકરાને દત્તક લેવાથી કુટુંબના પૈસા, દોલત કુટુંબમાં જ રહે. 'સ્તોર' એટલે જ 'Adoption' દત્તક, પાલક.

આગળ કહ્યું તેમ આ પાંચમાં પ્રથમ પ્રકારની કન્યા 'શાહઝન' એ સર્વોત્તમ પ્રકાર ગણાતો. ખરો શબ્દ 'પાદશાહઝન' (ઉપર મુજબ એમાં પ્રથમ બે અક્ષર 'પાદ' નીકળી જઈ 'શાહઝન' બન્યા. આજે પણ ખાસ કરીને ગુજરાતનાં શહેરો સુરત-નવસારી વગેરે અને ગામડામાં વરરાજા, સરઘસરૂપે કન્યાને ઘેર પરણવા જાય છે એ સરઘસને પણ 'શાહઝન' તરીકે સંબોધવામાં આવે છે.

અસલ ઈરાનમાં સ્ત્રીવર્ગનું સમાજમાં ઘણું માન હતું. ઈરાનમાં એક રાણીએ રાજ્ય કરેલું. ઈરાન પર દુશ્મનો ચડી આવ્યા ત્યારે ઈરાની લશ્કરની સરદારી એક વેળા (તેના સેનાપતિની માંદગીને લીધે) તેની દીકરીએ-એક સ્ત્રીએ લીધી હતી. અને દુશ્મનોને ખૂબ હંફાવ્યા હતા. લડતાં લડતાં તેના માથા પરનો ટોપો-Helmet-પડી જવાથી તેના બાલ ખુલ્લા થઈ ગયા ત્યારે દુશ્મનોને જણાયું કે સામા પક્ષનો સેનાપતિ એક સ્ત્રી છે.

આમ રાણી અને લશ્કરની સેનાપતિ ઉપરાંત ઘણીખરી ઈરાની 'વિદુષીઓ' (ભણેલીગણેલી સ્ત્રીઓ) રાજ્યસભામાં બેસી શકતી અને રાજકીય તેમ જ ધાર્મિક ચર્ચામાં ભાગ લેતી

હતી.

આશરે ૧,૩૫૦ વર્ષ અગાઉ આરબોના જુલમથી ત્રાસીને ધર્મના રક્ષણાર્થે ઈરાની પુરુષોએ હિંદ તરફ પ્રયાણ કર્યું ત્યારે સાથે સાથે ઈરાની સ્ત્રીઓએ પણ શસ્ત્રસજ્જ થઈને મરદો-બાળકો સાથે હિંદમાં પગ મૂકયો હતો. પવિત્ર, નમ્રતાભરી, સદ્‌ગુણી, ફરજપરસ્ત અને પતિવ્રતા નારીને જરથોસ્તી ધર્મે 'આરમઈતિ' એટલે ધરતીમાતા સમાન ગણી છે. અર્થાત્ સહનશીલતા અને નમ્રતાના પ્રતીકરૂપે સન્નારીઓનાં વખાણ કરવામાં આવ્યાં છે.

જરથોસ્તી ભણતરમાં પયગંબર જરથુષ્ટ્રના ત્રણ દીકરાઓની જેમ સ્તુતિ કરવામાં આવી છે તેમ પયગંબર જરથુષ્ટ્રની ત્રણ દીકરીઓની સ્તુતિ પણ કરવામાં આવી છે. સમગ્ર વિશ્વનાં નરનારીઓની પવિત્ર યાદ પણ એ રીતે જ કરવામાં આવી છે.

નાની છોકરીઓને ભગિની (બહેન) સમાન ગણવાનું અને મોટી ઉંમરની સ્ત્રીઓને માતા સમાન ગણવાની આર્ય સંસ્કૃતિની જે પ્રથા છે તેને ઈરાની ધર્મ અને સંસ્કૃતિનો સબળ ટેકો છે.

બીજી કોમની માફક પારસીઓમાં પણ મરણક્રિયા એક ગંભીર ક્રિયા ગણાય છે. એક પારસી જરથોસ્તી સ્ત્રી કે પુરુષ ગુજરી જાય ત્યારે તેની આંખો બંધ કરીને મરનારનાં સ્નેહી, સગાં તેની સમક્ષ પવિત્ર કલામ ભણે છે.

કેટલાક સમય બાદ તેની લાશને પવિત્ર સ્નાન કરાવી તેને ધોયેલા સૂકા કપડાંમાં વીંટાળી જમીન પર મૂકે છે ને તેની ફરતે (અમુક કલામ ભણતાં) પાંચ વર્તુળ દોરે છે. તેના માથા આગળ દીવો મૂકવામાં આવે છે અને તેની લાશથી થોડે દૂર એક પાત્રમાં અગ્નિ રાખીને ત્યાં ધર્મગુરુ અથવા મરનારનાં સગાંસ્નેહી પવિત્ર કલામો ભણે છે. લાશને 'સગદીદ' કરવામાં આવે છે. 'સગદીદ' (સગ=કૂતરો+દીદ=જોવું, બતાવવું). અર્થાત્

એક કૂતરો લાવીને તે કૂતરાની નજર તે લાશ પર પડે એમ કરવામાં આવે છે. એનો ભાવાર્થ એ છે કે કૂતરો એ માણસનો સૌથી વફાદાર અને વિશ્વાસુ મિત્ર છે. વધુમાં કૂતરાની નજરમાં એવી શક્તિ છે કે કોઈ જાતની બૂરી શક્તિ કે એવા દેખાવ જોઈને તે ભસે છે યા રડે છે.

પાંડવો જ્યારે સ્વર્ગમાં જવા નીકળ્યા ત્યારે તેમની પાછળ પણ એક કૂતરો ચાલતો હતો એવી વિગત સાંપડે છે. આમ પારસીની લાશને પણ સ્મશાનયાત્રા માટે સાથે કૂતરાને લઈ જવાની ને છેવટે લાશને તેનાં દર્શન કરાવવાની પ્રથા છે. લાશને શહેર-ગામડાંથી દૂર ઊંચી જગ્યાએ લઈ જઈને દોખ્માામાં (ઉપરથી ખુલ્લા અને ગોળાકાર ચોતરામાં) મૂકવામાં આવે છે. જ્યાં ગીધ પક્ષીઓ તે લાશનું ભક્ષણ કરે છે. આમ મરણ પછી જાણે કે એક પારસી તેના શરીરનું દાન પક્ષીઓને કરે છે. લાશ પરનું માંસ પક્ષીઓ ખાઈ જાય છે ને જે હાડકાં રહે છે તેને બીજે-ત્રીજે દિને દોખ્માની અંદર એક કૂવા જેવા સૂકા ખાડામાં નાખવામાં આવે છે.

પારસીઓમાં એવી માન્યતા છે કે એક માણસ ગુજરી જાય પછી તેનો આત્મા આ દુનિયામાં ત્રણ દિવસ ને ત્રણ રાત રહે છે અને જ્યાં લાશને ઘરમાં પ્રથમ જમીન પર મૂકી હતી ત્યાં ભમ્યા કરે છે. આપણે આત્માને જોઈ શકતા નથી પણ આત્મા આપણને જુએ છે, અને આપણે આત્માને માનથી અને પ્રેમથી યાદ કરીએ એવી અપેક્ષા દરેક આત્મા-ભલો કે બૂરો-રાખે છે. જેમ આપણું કોઈ સગું-સ્નેહી પરદેશમાં ધંધાર્થે કે અભ્યાસાર્થે જાય ત્યાં તેને હજારોની માનવમેદનીમાં પણ તદ્દન એકલવાયું અને અજાણ્યું લાગે તે સમયે જો આપણે તેને યાદ કરીને પત્ર લખીએ તો તે વ્યક્તિને જેમ સંતોષ

થાય અને અજાણ્યું લાગે નહીં તેવી જ હાલત આત્માની આપણે તેને મંત્ર (ભણતર) દ્વારા યાદ કરીએ ત્યારે થાય છે. આમ આત્માની યાદ ત્રણ દિવસ સતત સવારે, બપોરે અને રાત્રે કરવામાં આવે છે.

ચોથે દિને પ્રાંતઃકાળમાં તે આત્મા પેલી દુનિયમાં જાય છે એવી માન્યતા છે. એમ પણ મનાય છે કે આ અને પેલી દુનિયા વચ્ચે એક પુલ છે.

આત્મા–ભલો કે બૂરો–જ્યારે તે પુલ આગળ આવે છે ત્યારે ત્રણ ફિરસ્તા (દેવદૂત) બેઠેલા હોય છે. એમાંનો એક જે 'સરોષ યઝદ' કહેવાય છે તે ચોપડો ખોલીને પેલા આત્માએ આ દુનિયામાં જે સારાં કે ખરાબ કાર્ય કર્યાં હોય તે વાંચી સંભળાવે છે. બીજો ફિરસ્તો જેને 'રશનયઝદ' કહે છે તેના હાથમાં ત્રાજવું છે તેથી તે 'ત્રાજુકદાર' (એટલે ત્રાજવું રાખનાર તરીકે ઓળખાય છે). પહેલા ફિરસ્તાએ પેલા આત્માનાં જે સારાંનરસાં કામ આ દુનિયાનાં કહી બતાવ્યાં તે સારાં કામ એક પલ્લામાં અને બૂરાં કામ બીજા પલ્લામાં આ બીજો ફિરસ્તો મૂકે છે. જે બાજુનું પલ્લું નમે તે જોઈને ત્રીજો ફિરસ્તો 'મહેરદાવર' (દાવર=ન્યાય આપનાર–ન્યાયાધીશ) ઈન્સાફ આપે છે.

જો આત્માનાં સારાં કામ એનાં બૂરા કામ કરતાં વધારે હોય તો તે આત્મા બહેસ્ત(Best=સ્વર્ગ)માં જાય છે. જો તે આત્માનાં બૂરાં કામ એનાં સારાં કામ કરતાં વધારે હોય તો તે આત્મા દોજખ અર્થાત્ નરકમાં જાય છે. એવું પણ બને છે કે કોઈ આત્માનાં ભલાં અને બૂરાં બંને કામ એકસરખાં હોય છે તેવા આત્મા માટે (સ્વર્ગ અને નરકની વચમાં) એક જગ્યા છે જેને 'હમેસ્ત ગાન' કહેવામાં આવે છે, ત્યાં તે

આત્મા જાય છે.

આ સઘળી હકીકત અતિશયોક્તિભરી કોઈકને લાગે, પણ ઈરાનના છેલ્લા સોસનવંશના એક પાદશાહને વિચાર આવ્યો કે માણસ ગુજરે તેની હાલત પેલી દુનિયામાં કેવી થાય છે તે જાણવા માટે તે પાદશાહે પવિત્ર (દસ્તૂરો) વડા ધર્મગુરુઓની સભા બોલાવી. ત્યાં એવું નક્કી થયું કે એક સૌથી પવિત્ર ધર્મગુરુને તૈયાર કરવો જે પોતાની સર્વોચ્ચ પવિત્રતાને કારણે તેના આત્માને પેલી દુનિયામાં મોકલી (Translate કરીને) જો ત્યાંની દોજખ, બહેસ્ત વગેરેની વિગત લઈને આ દુનિયામાં પાછા આવે. એક સૌથી પવિત્ર દસ્તૂરે આ કામ માથે લીધું. તેનો આત્મા શરીર (જે ત્રણ દિવસ ને ત્રણ રાત આ દુનિયામાં નિર્જીવ થઈને પડી રહ્યું) છોડીને પેલી દુનિયામાં જઈને ઉપલા ત્રણે સ્થાનની વિગત મેળવીને ફરીથી આ દુનિયામાં આવ્યો. એ પવિત્ર દસ્તૂરનું નામ હતું : ''અર્દાવીરાફ'' તેના આત્માએ પેલી દુનિયામાં અનુભવેલા બનાવોનું એક પુસ્તક રચ્યું જે તેના નામ પરથી ''અર્દાવીરાફનામું'' (નામું=પુસ્તક) તરીકે ઓળખાયું. ત્યાં કહે છે કે કોઈ આત્મા સૌથી બૂરો હોય તોપણ તેણે થોડુંક પણ સત્કાર્ય કર્યું હોય તો તેનો પણ સારો બદલો તે આત્માને મળે છે. એવો એક દાખલો ''અર્દાવીરાફે'' દોજખમાં જોયો. જ્યાં એક આત્મા તેનાં આ દુનિયામાંનાં સૌથી બૂરાં કાર્યોને લીધે સડી ગયેલા અને દુર્ગંધ મારતા શરીર સાથે દોજખમાં સબડી રહ્યો હતો, પણ એક વખત આ દુનિયામાં તે ઝાડ નીચે આરામ લેતો હતો ત્યારે તેણે એક ગાયને ઝાડ સાથે બાંધેલી જોઈ. ઘાસ તેનાથી દૂર હતું અને તે ગાય ઘાસ ખાવા માટે ખૂબ મથામણ કરતી હતી તે જોઈને આ બૂરા માણસે પેલું ઘાસ પોતાના પગ વડે ખસેડીને ગાયના

મોઢા આગળ કર્યું ને ગાય ખાવા લાગી. તેના આ એક ભલા કાર્ય માટે તેનું આખું શરીર સડી ગયેલું હોવા છતાં તેનો પેલો પગ તદ્દન સારો હતો. આમ ગમે એવા બૂરા માણસનું સારું કાર્ય ગમે એવું નજીવું હોય તોપણ તેનો સારો બદલો જરૂર મળે છે.

આ પવિત્ર ધર્મગુરુ અર્દાવીરાફે –બહેસ્ત–દોજખ અને હમેસ્ત–ગાન અંગે જે પુસ્તક લખ્યું તે પુસ્તકના સંપર્કમાં મહાન કવિ દાન્તે (Dante) આવ્યા અને આ પુસ્તકથી એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે આ પુસ્તકના ઉતારા રૂપે ત્રણ મહાકાવ્યો લખ્યાં જે Paradise (બહેસ્ત માટે) Inferno (દોજખ માટે) અને Purgation (હમેસ્તગાન માટે) તરીકે ઓળખાયાં.

ચોથા દિનની ક્રિયા પછી પણ તે આત્માની યાદમાં પવિત્ર ભણતર ક્રિયાઓ થાય છે. તેમાં મરણ પછીના દસમા દિવસે, મહિના(મારિયો)ના દિવસે, છ મહિનાના દિને અને એક વરસ પૂરું થવાના દિને (વરસી) ખાસ ક્રિયાઓ કરવામાં આવે છે. તદુપરાંત દર મહિને તે ચોક્કસ ગુજરવાના દિને પણ ક્રિયાઓ કરવામાં આવે છે અને આગળ લખ્યું તેમ આ ક્રિયા–ભણતરમાં તે ગુજરનારનું નામ, તેનાં મૃત્યુ પામેલાં સગાંસ્નેહીઓનાં નામ, વડીલો અને પયગંબર તથા પાદશાહ પહેલવીનો(વીર પુરુષો)નાં નામ તેમ જ તે સમયના દેશ અને કોમને મદદરૂપ થઈ પડેલાં પવિત્ર નરનારીઓનાં નામની પણ પવિત્ર યાદ કરવામાં આવે છે. તેમ જ આગળ જણાવ્યું તેમ કોમપરકોમનાં અને દેશપરદેશનાં નરનારીઓ જેમણે દેશ અને ધર્મને ખાતર ભોગ આપ્યા છે તેમના પવિત્ર આત્માઓની યાદ પણ સમૂહમાં કરવામાં આવે છે.

એટલું યાદ રાખવાની જરૂર છે કે આવા ક્રિયા–ભણતરથી

પેલો આત્મા જો બૂરો હોય તો તેને કાંઈ બહેસ્તમાં જવાનો કે એવો કોઈ લાભ મળતો નથી. તેનું બહેસ્ત કે દોજખમાંનું સ્થાન તો તેની કરણી મુજબ જ તેને મળશે. ખુદાની આગળ કોઈની આમ અણછાજતી લાગવગ (ક્રિયા-ભણતર દ્વારા પણ) ચાલી શકે નહીં. ખુદા એક નિષ્પક્ષ ન્યાયાધીશ છે અને દરેક આત્માને તેની કરણી મુજબનો જ બદલો આપે છે. 'ગાથા' (પયગંબર જરથુષ્ટ્રે રચેલા કલામો)માં ખુલ્લું કહ્યું છે કે ખુદા સઘળું જુએ છે અને કદી છેતરાતા-ઠગાતા નથી. વધુમાં કહ્યું છે કે ભલાને ભલો ને બૂરાને બૂરો બદલો મળશે.

ઉપલી સર્વે વિગત પરથી સ્પષ્ટ થશે કે પયગંબર જરથુષ્ટ્રે ધર્મની પસંદગીની બાબતમાં સર્વેને પોતાની મરજીનું છૂટાપણું બક્ષ્યું છે અને કહ્યું છે કે તમે ગમે તે – ભલો યા બૂરો રસ્તો – પસંદ કરો પણ એટલું યાદ રાખજો કે તમારે તમારી પસંદગી મુજબનું જ પરિણામ ભોગવવાનું રહેશે. આમ આજે જે freedom of thought, freedom of speech અને freedom of actionની વાત સર્વત્ર સંભળાય છે, જેને charter of freedom કહેવાય છે, તેની શરૂઆત આજથી આશરે ૮,૦૦૦ વરસ પર પયગંબર જરથુષ્ટ્રે કરી હતી અને તે કારણે જ માઝદયસ્ની જરથોસ્તી ધર્મ આજે પણ સર્વોપરી ધર્મમાંનો એક તરીકે ઓળખાય છે.

એ ધર્મની આસ્થા અને પૂરા યકીનને કારણે જ પારસીઓએ પોતાનું વહાલું વતન ઈરાન છોડીને પોતાની માનીતી ભૂમિ હિંદુસ્તાનમાં વસવાટ કર્યો.

ખુદા પરની અચળ અને અચૂક શ્રદ્ધા, યકીન અને ઈમાન એ દરેક ધર્મનું આગવું લક્ષણ છે. ખુદા જ સર્વોપરી છે અને આપણે માટે કે દુનિયામાં જે કાંઈ બને તે તે સર્વે એની મરજીને જ આધીન છે. ભલું કે બૂરું એ સર્વેનો સરજનહાર

પણ તે જ છે અને તેથી જ અવસ્તા ભણતર(મંત્રો)માં 'દાતા' (સરજનહાર), પ્રાતા–ત્રાતા (પોષણ આપનાર, રક્ષણ કરનાર), અને જનાતા (સજા કરનાર છે. આમ સરજન કરવાની, રક્ષણ કરવાની તેમ જ મારવાની (સજા કરવાની) શક્તિ પણ એક ખુદામાં જ છે એમ જરથોસ્તી ધર્મ માને છે. એને મળતું જ હિંદુ ધર્મમાં જણાવેલ ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં પણ દાતા, ત્રાતા અને જનાતાની જ શક્તિ રહેલી છે. બ્રહ્મા સરજન કરે છે. વિષ્ણુ માનવીનું પાલન કરે છે અને શિવનું તાંડવનૃત્ય તો જાણીતું જ છે જે અશુભનું વિનાશકારી હોવાનું કહેવાય છે.

જેમ એક માતા કે પિતા પોતાનાં બાળકોને હેતપ્રીત કરે, તેમને લાડ લડાવે અને જો બાળકો નાફરમાન થાય અગર આળસ કરે, સામું બોલે તો તે જ માતાપિતા તે જ બાળકને મારે છે, સજા પણ કરે છે. એમાં બાળકને સુધારવાનો, તેને સારા શહેરી બનાવવાનો હેતુ છે. તે જ પ્રમાણે ખુદા પણ આપણા પિતા તરીકે આપણને પ્રેમથી બધી બક્ષિસ (મફત) હવા, પાણી, જમીન, ઝાડપાન, સૂર્ય, ચંદ્ર, જાનવર, ધાતુઓ, અગ્નિ વગેરેનું દાન કરતા રહ્યા છે. છતાં, જો આપણે આ વસ્તુઓનો દુરુપયોગ કરીએ કે કુદરતના કાયદાકાનૂનનો ભંગ કરીએ (બૉમ્બ વગેરે બનાવીને) કુદરતની વસ્તુઓ, માણસો, જાનવર વગેરેનો નાશ કરવાની પેરવી કરીએ તો ખુદા આપણને સજા કરે જ એમાં જેને Retributive, Corrective, Preventive, Punishment – કહેવાય તેવી બદલારૂપે, સુધારણારૂપે અને અટકાયતરૂપે (જેથી ભવિષ્યમાં બીજા કોઈ આવું નુકસાનકારક પગલું ભરે નહીં તેવી સજા કરવાનો ભાવાર્થ છે. ભલભલા મદાંધ અને અહંકારી રાજામહારાજાઓ, સરદારો વગેરે

રૈયાત પર જુલમ ગુજારીને, ત્રાસ ફેલાવીને ચાલ્યા ગયા, તેઓ સર્વેનો અંજામ હિટલર, મુસોલિની વગેરેની જેમ કરુણ હતો. આ સર્વે દાખલામાં ખુદાનું સર્વોપરીપણું 'Sovereignty' સાબિત થાય છે. આમ ખુદાની ઈચ્છા સિવાય એક પાંદડું પણ હાલી શકતું નથી એટલે જ દરેક ધર્મે કહ્યું છે કે ખુદાની જ ઈચ્છા સર્વોપરી છે. (અવસ્તા-ગાથામાં-યથાઅહૂવઈર્યો ખુદાની ઈચ્છા સર્વોપરી છે.) (સંસ્કૃત-ईश्वरेच्छा बलीयसी.) અંગ્રેજીમાં ખુદાને સંબોધીને કહેવાય છે: 'Thy will be done.' એટલે કે 'તારી ઈચ્છા મુજબ થજો.' વળી આગળ ફારસીમાં કહેવાયું છે કે, 'નીસ્ત હસ્તિ બઝુદ યઝધન' અર્થાત્ ખુદા સિવાય બીજી કોઈ હસ્તી જ નથી.

ખુદાની સ્તુતિમાં એક ભણતર અવસ્તા ભાષામાં છે, જેનું નામ છે : ''હોરમઝદયસ્ત.'' ''હોરમઝદ'' એટલે ખુદા અને ''યસ્ત'' એટલે સ્તુતિનું ભણતર. આ ભણતરમાં કહેવાયું છે કે કોઈ મારી (હોરમઝદ અર્થાત્ ખુદાની) યાદ દિવસે કે રાતે, ઊઠતાં કે બેસતાં, કોઈક કામે બહાર જતાં કે ત્યાંથી પાછા ફરતાં, ખરા જિગરથી કરે તે માનવીને કોઈ પણ પ્રકારનું દુ:ખ, કે ઈજા કે આફત, કે દુશ્મન હેરાન કરી શકે નહીં યા દુ:ખ દઈ શકે નહીં કારણ કે આ ''મારી યાદ કરવાથી હું (ખુદા) અને મારા મદદનીશો (ફિરસ્તાઓ-દેવદૂતો) તે માણસ અને તેના કુટુંબની આસપાસ આવાં દુ:ખ અને આફત સમયે એક ઢાલ સમાન અને એક કિલ્લા સમાન તેમના રક્ષણાર્થે ઊભા રહીએ છીએ. આ મારા ભણતરના કલામ (મંત્રો) સૌથી મજબૂત, હિંમત અને કૌવત આપનાર, તંદુરસ્તી અને ડહાપણ આપનાર, ફતેહ-કીર્તિ બક્ષનાર છે. ''હું દરેક માનવીનો પિતા અને રક્ષક સમાન છું.'' વળી હું ''મારા મદદનીશો

(ફિરસ્તાઓ-યઝદો-દેવદૂતો) મારફતે આ દુનિયાનો કારોબાર ચલાવું છું.'' અને જે કોઈ પોતાનાં કોઈક દુષ્કૃત્યોથી બીજાને હેરાન કરે, અગર મારી પેદાશનો નાશ કરે અગર બૂરાઈનાં કામ કરે, તે પણ મારા મદદનીશ(ફિરસ્તા)ને નાખુશ કરે છે, જે મને પોતાને (ખુદાને) નાખુશ કરવા સમાન છે. તેથી ''હે માનવીઓ તમે ભલા ઉદ્યમ કરો, સખાવતના ભલા અને સલામતી(દાનવૃત્તિ)નાં કાર્યો કરવા તમારા હાથ, પગ, બુદ્ધિને સતેજ-સજાગ રાખો, હંમેશાં આવાં કાર્યો કરવા સદા તત્પર રહો,'' આવું શિક્ષણ ખુદા તરફનું છે. જેને બાળવીરોના પેલા ઉમદા સિદ્ધાંત અને શિક્ષણ, ''હંમેશાં સારાં કામ કરવા તત્પર તૈયાર રહો''નો સબળ ટેકો છે. આગળ લખ્યું તેમ પારસીઓ જે સુદરેહ પહેરે છે તેની (માનવીના જિગર નજીકની) કોથળી રાખવામાં એવો ભાવાર્થ છે કે એ કોથળીમાં પરમાત્મા(ખુદા)નો વાસ છે, જ્યાંથી આપણે નીકળ્યા ત્યાંથી (પેલી દુનિયામાંથી) નીકળતી વખતે આપણે ખુદાને વચન આપેલું કે આ દુનિયામાં જઈ રહીને પણ અમે ભલાઈનાં કામ કરીશું. તે વચન પૂર્ણ કરીને, આ દુનિયાનો ફેરો વસૂલ કરીને, આપણા અલ્પાત્માઓએ ફરીથી તે પરમાત્મામાં મળી જવાનું છે. દરેક ધર્મનું શિક્ષણ આ જ મતલબનું છે. ખુદા (હોરમઝદ) અને તેમના છ મદદનીશો મળીને સાત ફિરસ્તા મુખ્ય છે. જે આ દુનિયાની સાત જુદી જુદી વસ્તુઓ આસમાન (હવા વગેરે), સૂર્ય, ચંદ્ર (તારા મળીને), જમીન, પાણી, અગ્નિ, ઝાડપાન, જાનવર અને માણસ પર દરેક ફિરસ્તો (દેવદૂત) સર્વોપરી છે, ખુદાએ છ ગાહમ્બાર(ઋતુઓના ફેરફાર)ના સમય દરમિયાન છ જુદી જુદી વસ્તુઓ ઉત્પન્ન કરી હતી. આગળ લખ્યું તેમ આ છ ગાહમ્બારમાં દરેક જણ

ત્યાં થતી ભણતર ક્રિયા તથા જમણમાં ભાગ લેતો અને તે માટે, ભોજન માટે પોતાને ઘેરથી કોઈ ને કોઈ વસ્તુ – અનાજ, ઘી, મસાલા-લાકડાં (રાંધવા માટે), વાસણ વગેરે લાવતું. જે અત્યંત ગરીબ માનવી એવું કશું જ ન આપી શકે, તે તરકારી સમારવા, અનાજ સાફ કરવા, રાંધવા વગેરેમાં મદદ કરતો.

પાછળથી સમય–સંજોગાનુસાર વસ્તુઓ લાવવા–આપવાનું બંધ થયું. તેને બદલે લોકોએ પૈસા (પોતાનો ફાળો) આપવા માંડયો, જેનાથી ચીજવસ્તુઓ બજારમાંથી ખરીદી લઈને જમણ રંધાતું. પાછળથી ઘણા પારસી દાનવીરોએ આ માટે અલાયદાં ફંડ રાખ્યાં છે, જેમાંથી પ્રસંગોપાત્ત ખરચ કરીને, જમણ કરીને, પારસીઓ – ખાસ કરીને ગરીબોને જમાડવામાં આવે છે. આ છેલ્લી પ્રથા આજે પણ ઘણાંક શહેરો–મુંબઈ, નવસારી, સુરત, ભરૂચ વગેરેમાં ચાલુ છે. આ પ્રસંગોએ થતી ખાસ કરીને સમૂહપ્રાર્થનામાં ખુદા તરફના આભારદર્શન, ભોજન મળ્યું તે માટેની બંદગી બોલાય છે, પછી જ મૂંગે મોઢે દરેકે ભોજન કરવાનું હોય છે.

ધર્મગુરુ-વર્ગ જેમણે ધર્મની (ધર્મગુરુનું કાર્ય કરવાની) દીક્ષા લીધી હોય તે જમવા અગાઉ પોતાની સામે અમુક સાધનો રાખીને ભણતરક્રિયા કરે છે.

ઈરાનના છેલ્લા (સાસાની) વંશનો છેલ્લો શહેનશાહ (નામે યઝદેઝર્દ) જ્યારે આરબો સાથેની લડાઈમાં હારી ગયો ત્યારે દેશ છોડીને એને નાસવું પડ્યું. આમ નાસીને તે એક ભરવાડના ઘરમાં (છૂપા વેશે) ગયો. બપોરનો વખત હતો એટલે ભરવાડે તેની સમક્ષ ખાવાનું મૂકયું. પોતે (સૈનિક ઉપરાંત) ધર્મગુરુ પણ હોવાથી તેણે પ્રાર્થના કરવા પેલા ઈરાની ભરવાડ પાસે

સાધનો મંગાવ્યાં. તેનાથી ભરવાડ સમજી ગયો કે આ શાહેનશાહ યઝદેઝર્દ છે, બાકી તો ભરવાડ એને સામાન્ય સૈનિક તરીકે સમજતો હતો. હવે આ પાદશાહને જીવતો અગર મૂએલો પકડવા માટે આરબોએ મોટું ઈનામ જાહેર કર્યું હતું. પેલા લાલચુ ભરવાડે-પાદશાહ જ્યારે બંદગીમાં મશગૂલ હતો ત્યારે પોતાના બે સાથીઓની મદદથી પાદશાહનું ખૂન કર્યું અને ઈનામ લેવા તે ભરવાડ આરબો આગળ દોડી ગયો. પણ આવા દગાબાજ ભરવાડે પાદશાહનું ખૂન કર્યું તેથી આરબ અમીરે ધૃણાથી તેને પણ મારી નંખાવ્યો. આમ ''દગો તેનો સગો નહીં'' એ કહેવત સત્ય પુરવાર થઈ. શાહેનશાહ યઝદેઝર્દના નામ પરથી પારસી કેલેન્ડર (વરસ) આજે પણ ''યઝદેઝર્દી'' વરસ તરીકે ઓળખાય છે.

# પયગંબર જરથુષ્ટ્રની ગાથા

ગાથા એટલે ગાયનો. પયગંબર જરથુષ્ટ્રની ખાસ રચેલ ગાથા પાંચ છે :

૧. અહુનવઈતી : પારસી કૅલેન્ડરના ૩૦×૧૨ = ૩૬૦ દિન પૂરા થયા પછીના ૩૬૧મા દિવસને પણ અહુનવઈતી અથવા અહુનવદ ગાથા કહે છે. 'યજશને' (યજ્ઞ) નામના મોટા પુસ્તકમાં ૭૨ પ્રકરણ છે તેમાં ૨૮થી ૩૪ સાત પ્રકરણ આ ગાથાનાં છે, જેમાં ખુદા તરફનો એક બંદગી કરનારનો ભક્તિભાવ, વિચાર, વાણી અને વર્તનનું સ્વાતંત્ર્ય (Freedom of choice) અને તેનું પરિણામ ભોગવવાની સૂચના, પવિત્રતાનો રસ્તો સ્વીકારવાથી થતો ફાયદો, દાન (સખાવત) અને ઉદ્યમનું મહત્ત્વ, તેમ જ બૂરાઈ ત્યજીને ભલાઈનો સ્વીકાર કરવાની એક ભક્તની ઇંતિજારી – બે મીનો (અણદીઠ શક્તિઓ ભલી અને બૂરી)નું દ્વંદ્વયુદ્ધ વગેરે બાબતો આ ગાથામાં સમાવી છે. અહુનવઈતી એટલે ઈશ્વરેચ્છા.

૨. ગાથા ઉશ્તવઈતી (ઉશ્તવઈતી એટલે સુખદાયક) : ૩૬૨મો દિન પારસી વરસની આખરે અને પ્રથમ ગાથા પછીનો દિન.

એક માનવી બીજાઓને સુખી કર્યા પછી જ સુખી થઈ શકે છે તે અંગેની વિગત આ ગાથામાં છે. તેમ જ પયગંબર જરથુષ્ટ્રની જ્ઞાન માટેની તૃષ્ણા, ખુદા અંગે તેમનું મનન અને ખુદા સાથેની વાતચીત – ખાસ કરીને દુનિયાની ઉત્પત્તિ, પાણી, ઝાડપાન વગેરેનો ઉપયોગ ને જરૂરિયાત, બે મીનો (પવિત્ર દેવતાઈ શક્તિઓ) ભલી અને બૂરીનો સંઘર્ષ. આમ ગાથામાં

દ્વિમતવાદ (Dualism) હોય એમ લાગે, પણ વાસ્તવમાં તેમ નથી. બન્ને શક્તિઓ–ઉત્પન્ન કરવાની અને સંહારની–એક ખુદામાં જ છે એથી જ પારસી પવિત્ર ભણતરોમાં ખુદાને દાતા (પેદા કરનાર), ત્રાતા (પોષણ કરનાર) અને જનાતા (નાશ કરનાર, મારનાર) કહ્યો છે. જેમ એક પિતા અથવા માતા પોતાના બાળકને પ્રેમ કરે, લાડ લડાવે અને તે જ બાળક જો નાફરમાન થાય, સામું બોલે, બૂરાઈના માર્ગે ચાલે તો એ જ માબાપ એ જ બાળકને સજા પણ કરે જ છે તે જ રીતે ખુદા પોતાનાં બાળકો(આપણી માણસજાત)ને સજા પણ કરે જ છે. તદુપરાંત માણસો અને સાધનોની અછતના કારણે પયગંબરોનું (ધર્મનો સંદેશ ફેલાવવાનું) કાર્ય પોતે કેવી રીતે કરી શકશે તેની ચિંતા પયગંબર જરથુષ્ટ્ર ખુદા સમક્ષ વ્યક્ત કરે છે અને તેમનું માર્ગદર્શન અને સહકારની અપેક્ષા રાખે છે. આ ગાથામાં યજશને(યજ્ઞ)ના ૪૩થી ૪૬ ચાર પ્રકરણો સમાઈ જાય છે.

૩. સ્પેન્તામઈન્યૂ ગાથા : એ ગાથાનો ક્રમ ત્રીજો છે અને વરસની આખરનો પારસી કેલેન્ડરનો ૩૬૩મો દિન ગણાય છે. સ્પેન્તામઈન્યૂનો અર્થ 'ફાયદો કરનારી દૈવીશક્તિ' એવો થાય છે. યજશને(યજ્ઞ)માં ૪૭થી ૫૦–ચાર પ્રકરણ–એમાં સમાય છે. એક માણસના સારાં વિચાર, સારાં વચન અને સત્કાર્યનાં પરિણામે તેને આ દૈવી અણદીઠ શક્તિ (મઈન્યૂ) મારફતે ખુદા તે માણસને સુખ, પૂર્ણતા (Perfection) અને અમર્ગીની બક્ષિસ કરે છે. તેઓ પવિત્ર માનવી–પોતાનાં સત્કાર્યો, સખાવત અને સચ્ચાઈને લીધે બૂરી શક્તિઓને છેવટે મારી હઠાવશે અને આમ ખુદાનાં કાર્યો જે મુખ્યત્વે આ દુનિયામાં પવિત્રતા ફેલાવવાનાં છે તેમાં સહકારરૂપ બનશે. એક માણસ જો બૂરાઈને

સંપૂર્ણપણે ત્યજી દે તો બૂરાઈનો સરદાર નાસીપાસ અને હારેલો બને અને તેને પરિણામે દુનિયાભરમાં સુખ, આબાદી અને શાંતિ ફેલાય એ હકીકત આ ગાથામાં વિગતવાર સમજાવી છે.

૪. વોહૂક્ષથ્ર ગાથા : એ ગાથાનો ક્રમ ચોથો છે. અને વરસની આખરનો પારસી કેલેન્ડરનો ૩૬૪મો દિન ગણાય છે. 'વોહૂક્ષથ્ર'નો અર્થ 'પવિત્ર ઈચ્છાશક્તિ' (Divine will power) એવો થાય છે. યજશને(યજ્ઞ)નું પ્રકરણ ૫૧ આ ગાથાને આવરી લે છે. ખુદાની પવિત્ર ઈચ્છાશક્તિ અને દૃઢ મનોબળના કારણે દુનિયાભરમાં સુખ અને આબાદી ફેલાય છે, તે હકીકત આ ગાથામાં દર્શાવી છે. જે માનવી ખુદાએ કરેલી મફત બક્ષિસો (હવા, પાણી, જમીન, અગ્નિ, ઝાડ, પાન, જાનવરો, ધાતુઓ વગેરે) માટે ખુદા તરફ આભારની લાગણી પ્રદર્શિત કરતો નથી (Thanks giving) તથા તે કારણે ખુદાની બંદગી–પ્રાર્થના કરતો નથી તે નગુણો ગણાય છે. અને પરિણામે તેને દુઃખ અને તંગી ભોગવવી પડે તો તેને માટે એ જ જવાબદાર ગણાય છે. પયગંબર જરથુષ્ટ્રના માનીતા ચેલા સમા અને શહેનશાહ ગુસ્તાસ્યના સગાંસ્નેહી ફશોસ્ત્ર, જામાસ્ય અને મઈધ્યો માહ એ ત્રણે એકમત થઈને ખુદાની આ દુનિયામાં સુખ, આબાદી, શાંતિ અને પરસ્પર વિશ્વાસની લાગણી ફેલાય તે માટે જે મહત્ત્વનું અને માનવજાતની સેવાનું કાર્ય કર્યું છે તેની નોંધ આ ગાથામાં લેવામાં આવી છે અને આમ ખુદાના રચનાત્મક કાર્યમાં (constructive work) સહાયભૂત થવા બદલ તેમના આભારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખુદાને પગલે ચાલીને માનવી પણ પોતાની ફરજો પ્રત્યે સજાગ બને અને તેને અનુલક્ષીને સત્કાર્ય કરે તો આ પૃથ્વી પર દુઃખ કે મુશ્કેલી રહે નહીં. એ વાતનો ઉલ્લેખ આ ગાથામાં કરાયો છે.

૫. ગાથા વહીસ્તાઈશ્તી : એ ગાથાનો ક્રમ પાંચમો છે અને એ વરસનો છેલ્લો ૩૬૫મો દિન ગણાય છે. 'વહીસ્તાઈશ્તી'નો અર્થ 'સંપૂર્ણ શુભેચ્છા' એવો થાય છે. યજશને(યજ્ઞ)નું પ્રકરણ ૫૩ આ ગાથાને સમાવે છે. જો માનવી દૃઢ મનોબળ (વોહૂક્ષથે) મેળવે તો તે દરેકનો શુભેચ્છક બને છે, અને પરિણામે તે દરેકની શુભેચ્છા પ્રાપ્ત કરે છે. પયગંબર જરથુષ્ટ્રના વસિયતનામા(will)નું આ પ્રકરણ છે. પયગંબર જરથુષ્ટ્રની સઘળી ભલી ઈચ્છા પરિપૂર્ણ થઈ અને બૂરા માણસો જેઓ એમના દુશ્મન જેવા હતા તેઓમાં પણ હૃદયપલટો થઈને તેઓ પણ ભલાઈના માર્ગે ચાલવા લાગ્યા અને જરથુષ્ટ્રના ચેલા બન્યા. તે હકીકત આ ગાથામાં વર્ણવી છે. તદુપરાંત પયગંબર જરથુષ્ટ્ર પોતાની દીકરી 'પોઉરૂચીસ્તી'(એટલે કે ડહાપણનો ભંડાર)ને તેના લગન પ્રસંગે શિખામણો આપે છે અને શુભેચ્છા પાઠવે છે, તથા પતિ-પત્ની એકમેકના પ્રેમનો સ્વીકાર કરીને 'હુમત-હુખ્ત અને હવશ્ત'(અર્થાત્ સારા વિચાર, સારાં વચન અને સત્કાર્ય)માં રચ્યાંપચ્યાં રહીને આ દુનિયાની પ્રગતિમાં પોતાથી બનતો ફાળો આપે એવી અપેક્ષા જરથુષ્ટ્રે સેવી છે. તેનું વર્ણન પણ આ ગાથામાં છે, એટલું જ નહીં પણ પોતાની આ દીકરી મારફતે પયગંબર જરથુષ્ટ્ર દુનિયાની પરિણીત અને અપરિણીત સ્ત્રીઓને પણ એ જ સંદેશો પાઠવે છે કે તમે સૌ ભલાઈનાં કામો કરીને (અશોઈ) પવિત્રતાના માર્ગે ચાલો અને દુનિયાની પ્રગતિમાં તમારાથી બનતો ફાળો આપો અને તમારાં ભવિષ્યમાં થનારાં બાળકોને પણ આવો જ સંદેશ અને શિખામણ આપીને તેઓ સાચા જરથોસ્તીઓ નીવડે એ રીતે તેમને તાલીમ આપજો. વધુમાં લગ્નના આશીર્વાદ(શુભાશિષનું ભાણતર)માં જે બોધ અને ઉપદેશ સમાયો

છે કે, ''લોભ, લાલચ કરશો નહીં, અદેખાઈ, ચાડીચુગલીથી દૂર રહેજો, ક્રોધ કરશો નહીં.'' તે પ્રકારની શિખામણ પણ પયગંબર જરથુષ્ટ્ર સર્વે યુવતીઓને આપે છે. કારણ જરથુષ્ટ્ર જાણે છે કે એક પ્રજાની ઉન્નતિ ને સંસ્કૃતિનો આધાર એક માતા તેનાં બાળકોને કેવું શિક્ષણ આપે છે અર્થાત્ તેમને કેવી રીતે ઘડે છે તેના પર છે. એથી જ એક માતાને ''ઘરની સરદાર, ગુરુ અને નેતા સમાન જરથોસ્તી ધર્મમાં ગણવામાં આવે છે.'' આ બધું વર્ણન 'વહીસ્તાઈશ્તી' ગાથામાં સમાયેલ છે.

આ પાંચ ગાથા જે પયગંબર જરથુષ્ટ્રે રચેલ છે તે સિવાય પણ કેટલાંક ભણતરો જે ગાથાની ભાષામાં છે જેમ કે 'હફ્તનયશ્ત' (સાત ફિરસ્તાઓનું–યાદનું ભણતર) જેમાં યજશ્ને(યજ્ઞ)નાં પ્રકરણ ૩૫થી ૪૨ સમાઈ જાય છે તથા કૂસ્તી બાંધતી વખતનું શરૂઆતનું અને છેવટનું ભણતર યજશ્ને(યજ્ઞ)ના ૫૪મા પ્રકરણનો પણ સમાવેશ થાય છે. તે ઉપરાંત એ જ યજશ્નેનાં પ્રકરણ ૧૮, ૧૯ અને ૨૦માં 'યથાઅહૂવઈર્યો' (ઈશ્વરેચ્છા) 'અશેમવોહુ' (સંપૂર્ણ પવિત્રતા) અને 'યે થહે હાતાંમ' (પવિત્ર આત્માઓની માનભરી યાદ) એ ત્રણ ભણતરો પણ સમાઈ જાય છે. એ પાછલાં ત્રણ ભણતરો ખૂબ જૂના પયગંબર જરથુષ્ટ્રના જમાનાની પણ આગમજનાં હોવાનું મનાય છે. આ પાછલાં ત્રણ ભણતરોને ''આઝાદમાંથ્રો (મંત્રો) તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે જરથોસ્તી ધર્મના દરેક ભણતરમાં આ કલામો (મંત્રો) અવશ્ય હોય છે જ.

આ સૃષ્ટિનું સંચાલન ખુદા અને તેમના છ અમેશાંસ્પંદો (પવિત્ર-દિવ્ય ફિરસ્તાઓ) મળીને સાત પવિત્ર અણદીઠ હસ્તીઓથી થાય છે જે નીચે મુજબ છે:

હોરમઝદ : (ખુદા, ઈશ્વર–પારસી મહિનાનો પ્રથમ રોજ–તિથિ). ખુદા સઘળી માનવજાત પર સર્વોપરી છે. એમાં વર્તમાન, ભૂત અને ભવિષ્યના દરેક કોમના, દરેક દેશના માનવીઓ–સ્ત્રી–પુરુષો ખુદાની હકૂમત, દેખરેખ અને સંચાલન હેઠળ છે. ખુદા તેમનો રક્ષણદાતા, પોષણ આપનાર અને માનવી બૂરા માર્ગે ચાલે તો સજા કરનાર પણ છે.

બહેમન : (ભલું મન, દયા, પ્રેમ, મિત્રાચારીની લાગણી પારસી મહિનાનો બીજો રોજ–તિથિ). એ ગાય, ઢોર, ઘેટાં–બકરાં (અર્થાત્ નાનાંમોટાં પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુ) આમ માણસજાત સિવાયની દરેક જીવંત (હસ્તી ધરાવતી અને જીવિત) રચના પર સર્વોપરી છે. એ પેદાશનું રક્ષણ, પોષણ, સંવર્ધન વગેરે કાર્યો 'બહેમન–અમેશાંસ્પંદ'ની હકૂમત હેઠળ હોવાનું મનાય છે.

અર્દીબહેસ્ત : (અશોઈ–પવિત્રતા–પારસી મહિનાનો ત્રીજો રોજ–તિથિ). એ દરેક જાતના આતશ (અગ્નિ) પારસીઓના ધર્મનાં મંદિરો(આતશબહેરામ, આતશ આદરાન તથા આતશ દાહગાહ–પાછળ જણાવ્યું તેમ)માંના આતશો તેમ જ આતશી ગોળા, સૂર્ય, ચંદ્ર, તારા તથા Light, heat, energy, stream વગેરે પર સર્વોપરી ગણાય છે. ''અગ્નિ પર ખરાબ–ગલીચ વસ્તુ નાખીને તેને અપવિત્ર કરવો નહીં કે વિના કારણ પાણી નાખીને તેને બૂઝવવો નહીં એવું જરથોસ્તી ધર્મનું ફરમાન છે.

શાહેરેવર : (દઢ મનોબળ–Divine will power) પારસી મહિનાનો ચોથો રોજ–તિથિ). એ દરેક જાતની ધાતુ તેમ જ ખનિજ પદાર્થો (કોલસા, હીરા વગેરે) એ જાતની ધાતુ તેમ જ ખનિજ પર સર્વોપરી ગણાય છે. પારસી ધર્મક્રિયા ભણતરમાં જે જે વાસણો વગેરે વપરાય છે તે સર્વે પર 'શાહેરેવર

અમેશાંસ્પંદ'ની હકૂમત હોવાનું મનાય છે.

સ્પેન્દારમદ : (નમ્રતા Humility – પારસી મહિનાનો પાંચમો રોજ-તિથિ) એ જમીન પર સર્વોપરી ફિરસ્તો ગણાય છે. દરેક જાતની જમીન અને તેની પરના પહાડો, ટેકરીઓ, જમીન પરનાં બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે. સાત ફિરસ્તા પૈકીનો આ 'નારી ફિરસ્તો' છે. ગરીબ લાચારને મદદ કરવી, સખાવત (દાનવૃત્તિ) દ્વારા કોઈ ગરજવંતાના દુઃખમાં સહભાગી થવું અને છતાં નમ્રતા રાખવી એ જરથોસ્તી ધર્મનું ઉમદા લક્ષણ છે.

ખોરદાદ : (સંપૂર્ણતા–wholesomeness–Perfection પારસી મહિનાનો છઠ્ઠો રોજ–તિથિ). એ દરેક જાતનાં પાણી પર સર્વોપરી ફિરસ્તો ગણાય છે. નદી, નાળાં, તળાવ, દરિયા, કૂવા, વાવ, સરોવર, ઝરા એ દરેક જાતનાં પાણી પર આ ફિરસ્તાની હકૂમત ચાલે છે.

અમરદાદ : (અમર્ગી–અમરત્વ – immortality – એ ઝાડપાન પર સર્વોપરી અને પારસી મહિનાનો સાતમો રોજ–તિથિ) છે. દરેક જાતની લીલી અને સૂકી તરકારી, ફળ, લીલો અને સૂકો મેવો, છોડ, ઝાડ, વેલા વગેરે ઉપર આ ફિરસ્તાની હકૂમત છે.

આમ ખુદા અને તેના છ ફિરસ્તાઓ (બધું મળીને સાત) જે સૃષ્ટિસંચાલનનું કાર્ય કરે છે. દરેક અમેશાંસ્પંદને (કોઈને ત્રણ અને કોઈને ચાર સહકાર્યકરો – Co-workers – હોય છે. આમ પારસી મહિનાના ત્રીસ રોજ(અર્થાત્ ત્રીસ ફિરસ્તા)ને આ દુનિયાના સંચાલન અંગેની કોઈ ને કોઈ ફરજ અને જવાબદારી સોંપાઈ છે.

આ સાત અમેશાંસ્પંદોનાં અણદીઠ સ્વરૂપ પણ છે જેમ કે હોરમઝદ (સૃષ્ટિનું સર્જન કરનાર દિવ્ય શક્તિ છે.) (જેમાં

મુખ્યત્વે માનવજાતની ગણના થાય છે. દરેક માનવીએ 'બેહમન' અર્થાત્ ભલાઈ, દયા, માયા, પ્રેમ, મિત્રાચારી વગેરે ગુણોનું પાલન કરવાનું છે જેથી તે 'અરદીબહેસ્ત' (સંપૂર્ણ અશોઈ અર્થાત્ પવિત્રતાને પામી શકે). જો એક માનવી પવિત્ર હોય તો તેનામાં ''શહેરેવર એટલે મજબૂત ઈચ્છાશક્તિ–દઢ મનોબળ–Divine will power–આવી શકે પણ સાથે સાથે તે માનવીમાં 'સ્પેન્દારમંદ' નમ્રતા હોવી જોઈએ. ઉપલા બધા સદ્‌ગુણો હોવા છતાં એક માનવીમાં નમ્રતા હોય તો જ 'ખોરદાદ'–સંપૂર્ણ બની શકે અને જો આવો કોઈ માનવી હોય તો તે જરૂર જગતમાં અમર બને અને લોકો તેને અમરદાદ–અમર આત્મા તરીકે ઓળખતા રહે.

સૃષ્ટિસંચાલનના આ કાર્યમાં કોઈ પણ કોમના, કોઈ પણ દેશના કે કોઈ પણ જમાનાનાં અવસાન પામેલાં નરનારીઓના પવિત્ર આત્માઓનો પણ મહત્ત્વનો અને ધ્યાન ખેંચવા જોગ ફાળો છે. જેમાં જુદાં જુદાં કુદરતી તત્ત્વો – Natural Element – ને અટકાવવામાં અને આગળ વધારવામાં મદદ કરે છે. એક બાળકના શરીરનું બંધારણ તેનો જન્મ અને તેનો ઉછેર – આ બધું અવસાન પામેલ પવિત્ર આત્માની કાર્યવાહીને આધીન છે.

ઉપર જણાવેલા ફિરસ્તાઓ તેમ જ અવસાન પામેલાં નરનારીઓના પવિત્ર આત્માઓ એકબીજા સાથે મનોવ્યવહાર–Telepathy–થી સર્વે કાર્યવાહી કરે છે અને તે કારણે જ દિવ્ય આતશ (અગ્નિ) તેને નમન કરનાર અને સત્કાર્ય કરનાર ભક્તને આશિષ આપે છે – જે ખુદાના તેમના ભક્ત તરફ આશિષ સમાન મનાય છે કે, 'જેટલો સમય તું જીવતો રહે તેટલો સમય તું સંપૂર્ણ ખુશાલ જીવન જીવજે.'

## ધર્મ એક જ છે

''મારી દૃઢ માન્યતા છે કે જગતના બધા મહાધર્મો સાચા છે, બધા ઈશ્વરે નિર્મેલા છે, અને બધા તેનો જ આદેશ ફેલાવે છે, ને તે તે વાતાવરણમાં ને તે તે ધર્મમાં ઊછરેલા લોકોની આધ્યાત્મિક ભૂખને તૃપ્ત કરે છે. હું નથી માનતો એવો સમય કદી આવે જ્યારે આપણે કહી શકીએ કે જગતમાં ધર્મ એક જ છે. એક અર્થમાં આજે પણ જગતમાં મૂળ ધર્મ એક જ છે. પણ કુદરતમાં ક્યાંયે સીધી લીટી છે જ નહીં. ધર્મ એ અનેક શાખાઓવાળું મહાવૃક્ષ છે. શાખાઓ રૂપે ધર્મો અનેક છે એમ કહી શકાય; વૃક્ષરૂપે ધર્મ એક જ છે.''

— ગાંધીજી

## ધર્મને સમજો

સાત પુસ્તકોનો સંપુટ

| | |
|---|---|
| ૧. હિંદુ ધર્મનું હાર્દ | ૪૦.૦૦ |
| ૨. રામ અને કૃષ્ણ | ૨૦.૦૦ |
| ૩. બુદ્ધ અને મહાવીર | ૧૫.૦૦ |
| ૪. ગીતા અને કુરાન | ૩૦.૦૦ |
| ૫. હજરત મહમદ અને ઈસ્લામ | ૨૦.૦૦ |
| ૬. ઈશુ ખ્રિસ્ત | ૨૦.૦૦ |
| ૭. અશો જરથુષ્ટ્ર | ૫.૦૦ |

આ સાત પુસ્તકો એકસાથે ખરીદનારને રૂ.૧૫૦ને બદલે રૂ.૬૦માં આપવામાં આવશે.

SABARMATI ASHRAM
001045 Ahmedabad
Asho Jarthushtra
MRP : Rs. 5

કિંમત : ૧૫૦/- (સેટના)

ISBN 81-7229-124-8(Set)